**આજનો સુવિચાર**

ભુલો એ જીવનનો અહમ હિસ્સો છે, તેને સ્વિકાર કરવાનું સાહસ ખૂબ જ ઓછા લોકોમાં હોય છે!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૨૮ જૂનાગઢ તા.૦૯-૦૯-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 228, Junagadh : Date : 09 September, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay






Kaneriya Oil Industries
www.ranioil.com
Since 1979
RANI®
Premium Edible Oils

જૂનાગઢ શહેરમાં ઉપલબ્ધ :
ઠા. ધીરજલાલ વનમાળીદાસ 97231 97530, 94283 73350 ;
રમેશચંદ્ર મગનલાલ એન્ડ સન્સ 94266 34036


## ગત મોડીરાત્રે સુરતમાં ગણેશ પંડાલ પર પથ્થરમારો, લાઠીચાર્જ, ટીયર ગેસ છોડાયા : ૨૭ની ધરપકડ

સુરત,તા.૯

ગત મોડી રાત્રે સુરતના સૈયદપુરામાં ગણેશ પંડાલમાં પથ્થરમારો થતા જોરદાર બબાલ મચી હતી. તોડફોડ-આગજનીની ઘટનાઓ વચ્ચે તોફાનીઓને વિખેરવા માટે ટીયરગેસનાં સેલ છોડવામાં આવ્યા હતા. મોડીરાત્રે વાતાવરણ ડહોળાતા ૧૦૦૦થી વધુ સુરક્ષા જવાનો ખડકી દેવામાં આવ્યા હતા.ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવી સુરત પહોંચ્યા હતા. ૨૭ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

સુરતનાં સૈયદપુરાની વરીયાવી બજારમાં ગણેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જયાં મોડી રાત્રે કેટલાંક વિધર્મી છોકરાઓએ પથ્થરમારો કરતા વાતાવરણ ડહોળાયુ હતું. પથ્થરો ઝીંકાતા નાસભાગ મચી ગઈ હતી ટોળા તોફાને ચડયા હતા. કેટલાંક વાહનોમાં તોડફોડ કરવામાં આવરી હતી. બાઈક રીક્ષા સહીતના કેટલાંક વાહનો સળગાવી દેવામાં આવ્યા હતા. આ ઘટનાની માહીતી મળતાં પોલીસ અધિકારીઓનો કાફલો ઘસી ગયો હતો. તોફાનીઓને વિખેરવા માટે લાઠીચાર્જ કરવામાં આવ્યો હતો. ટીયરગેસનાં સેલ પણ છોડવામાં આવ્યા હતા.

સંવેદનશીલ સ્થિતિ વધુ ન વણસે તે માટે એસઆરપીનો કાફલો પણ ઉતારી દેવામાં આવ્યો હતો.૧૦૦૦ થી વધુ સુરક્ષા જવાનોને તૈનાત કરી દેવાયા હતા. જેને પગલે મામલો કાબુમાં આવ્યો હતો છતાં અજંપાભરી પરિસ્થિતિ પ્રવર્તતી હતી.

પોલીસ કમિશ્નર અનુપમસિંહે ગેહલોતે કહ્યું કે રાતોરાત ૨૭ લોકોની ધરપકડ કરીને ત્રણ જુદા જુદા ગુના દાખલ કરાયા છે.એક ગુનો ગણપતીજીની મૂર્તિને પથ્થર મારવાનો બીજો ગુનો વાહનોમાં તોડફોડ-સળગાવવાનો ગુનો દાખલ કરાયો હતો.શાંતિ ડહોળવાનો પ્રયાસ કરનારા કોઈને છોડવામા નહિં આવે તોફાનીઓને પકડવા માટે ડ્રોનનો ઉપયોગ પણ કરવામાં આવ્યો હતો.

તેઓએ કહ્યું કે સૈયદપુરા હેઠળનાં નાનપુરા, સંદેર, મહારાણા પ્રતાપ સર્કલ સહીતનાં વિસ્તારોમાં સુરક્ષા જવાનોનો તૈનાત કરીને કોમ્બીંગ ઓપરેશન હાથ ધરાયું છે. ડ્રોન મારફત નજર રાખવામાં આવી રહી છે. આ ઘટનાને પગલે સુરતના સાંસદ મુકેશ દલાલ, ધારાસભ્ય કાંતિ બલર વગેરે પણ પહોચી ગયા હતા. સુરત પોલીસ ચોકીની આસપાસની બીલ્ડીંગોમાંથી પથ્થરમારો થયો હોવાનુ બહાર આવતા લોકો વધુ વિફર્યા હતા. પથ્થર મારનારા બાળકો હતા.પરંતુ તેઓને ઉશ્કેરવામાં આવ્યાનું ખુલતા મોટાપાયે અટકાયતી પગલા લેવામાં આવ્યા હતા.

### સુરતમાં કોમી તંગદીલીને પગલે ગૃહમંત્રી હર્ષ સંઘવી ઘટના સ્થળે દોડી ગયા

સુરત તા. ૯

સુરતના સૈયદપુરામાં ગણેશોત્સવમાં થયેલી બબાલ વિશે માહીતી મળતા જ ગૃહરાજયમંત્રી હર્ષ સંઘવી મોડીરાત્રે અઢી વાગ્યે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા.સવાર પડે તે પૂર્વે જ તમામ તોફાનીઓને ઝડપી લેવાના આદેશ કર્યા હતા.અમુક આરોપી ઘર બંધ કરીને છુપાઈ ગયા હોવાની બાતમી મળતા દરવાજા તોડીને બહાર કાઢવાની સુચના આપવામાં આવી હતી.

હર્ષ સંઘવીએ કહ્યું કે પથ્થરબાજો પર સખ્તાઈપૂર્વક કાર્યવાહી કરવામાં આવી છે.તેઓએ આજના તમામ કાર્યક્રમો રદ કરીને આખો દિવસ સુરતમાં જ રહેવાનું જાહેર કર્યું હતું. પથ્થરો ફેંકતા ઉશ્કેરનાર શખ્સોને નહી છોડવાનું પણ તેમણે એલાન કર્યું હતું. લોકોમાં કોઈ ભય કે ગભરાટ ન રહે તે માટે ઘટના સ્થળનાં ગણેશ પંડાલ ખાતે મોડીરાત્રે આરતી કરવામાં આવી હતી હર્ષ સંઘવી તથા આયોજકો પણ શામેલ થયા હતા લોખંડી બંદોબસ્તને પગલે મોડીરાત્રે મામલો થાળે પડયો હતો.

સુરતનાં સૈયદપુરામાં ગણેશ પંડાલ પર પથ્થર ઝીંકાયા હતા જોકે, સદનસીબે ગણેશ ભગવાનની મુર્તિને કોઈ નુકશાન થયુ ન હતું. મૂર્તિ ખંડીત થઈ ન હતી પરંતુ મુર્તિની નીચે ઢોલ હતો તે ફાટી ગયા હતો તેમ આયોજક મનિષાબેન ઘાયલે કહ્યું હતું.

## ઉત્તરપ્રદેશમાં કાનપુર નજીક કાલિન્દ્રી એકસપ્રેસને ઉડાવી દેવાનું ષડયંત્ર : ટ્રેક પરથી ગેસ સિલિન્ડર, વિસ્ફોટકો મળી આવ્યા

કાનપુર, તા.૯ઃ ઉત્તર પ્રદેશના કાનપુરમાં એક મહિનાની અંદર ટ્રેન દુર્ઘટનાનું વધુ એક ષડયંત્ર બહાર આવ્યું છે. ગતરાત્રે લગભગ ૮.૩૦ વાગે પ્રયાગરાજથી ભિવાની જતી કાલિંદી એક્સપ્રેસ રેલ્વે લાઈન પર રાખેલા એલપીજી સિલિન્ડરથી ભરેલા સાથે અથડાઈ હતી. તા.૧૭મી ઓગસ્ટની રાત્રે લગભગ ૨.૩૦ વાગ્યે સાબરમતી એક્સપ્રેસના ૨૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. રેલવેએ પણ આ અકસ્માતમાં ષડયંત્ર હોવાની વાત કરી હતી. કાસગંજ રેલ્વે લાઈન પર બરાજપુર અને બિલ્હૌર વચ્ચે રેલ્વે ટ્રેક પર રાખવામાં આવેલા એલપીજી સિલિન્ડરથી ભરેલા સિલિન્ડર સાથે અથડાઈ હતી. લોકો પાયલટે જણાવ્યું કે તેણે ટ્રેક પર કોઈ શંકાસ્પદ વસ્તુ જોઈ ત્યાર બાદ તેણે બ્રેક લગાવી, પરંતુ તે પછી પણ તે વસ્તુ ટ્રેન સાથે અથડાઈ અને જોરદાર અવાજ આવ્યો હતો. ડ્રાઈવરે ટ્રેન રોકી અને ગાર્ડ અને અન્ય લોકોને આ અંગે જાણ કરી. આ ઘટનાની તપાસ માટે એન્ટી ટેરરિઝમ સ્કવોડ અને અન્ય એજન્સીઓની ટીમ ઘટનાસ્થળે પહોંચી છે અને તપાસ શરૂ કરી છે. ATSના કાનપુર અને લખનૌ યુનિટ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પુરાવા એકત્ર કર્યા હતા.

જ્યારે સ્થળ પર તપાસ કરવામાં આવી તો પોલીસને ઝાડીઓમાંથી સિલિન્ડર, પેટ્રોલની બોટલ, માચીસ અને ગનપાઉડર જેવા ઘણા ઘાતક પદાર્થો પણ મળી આવ્યા હતા. અડધો કલાક રોકાયા બાદ ટ્રેનને રવાના કરવામાં આવી હતી. પોલીસ અને ફોરેન્સીક ટીમે ઘટનાસ્થળે આવીને તપાસ કરી હતી. તમામ શંકાસ્પદ વસ્તુઓ તપાસ માટે મોકલવામાં આવી હતી.હાલ તમામ મુદ્દે તપાસ ચાલી રહી છે. ફોરેન્સિક ટીમ પણ વિગતવાર સમીક્ષા કરી રહી છે.

### આજે જીએસટી કાઉન્સીલની ૫૪મી બેઠક : રૂા. ૨૦૦૦ સુધીની ઓનલાઈન ચુકવણી પર ૧૮ ટકા જીએસટી લાગુ પડશે ?

નવી દિલ્હી, તા.૯ઃ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ કાઉન્સિલ એટલે કે GST કાઉન્સિલની આજે ૫૪મી બેઠક યોજાવા જઈ રહી છે અને તેમાં ઘણા મોટા નિર્ણયો લેવામાં આવી શકે છે. આમાં સૌથી વધુ ચર્ચા એ છે કે ડેબિટ અને ક્રેડિટ કાર્ડ દ્વારા રૂ. ૨,૦૦૦ સુધીના નાના ઓનલાઈન વ્યવહારો માટે બિલડેસ્ક અને CCAvenue જેવા પેમેન્ટ એગ્રીગેટર્સ પર ૧૮ ટકા GST વિચારી શકાય છે. જો આવું થાય તો ડેબિટ-ક્રેડિટ કાર્ડ દ્વારા ચૂકવણી કરવી મોંઘી પડી શકે છે. બિઝનેસ ટુડેના એક અહેવાલ મુજબ, જીએસટી કાઉન્સિલની બેઠકમાં GST ફિટમેન્ટ પેનલે એવી દલીલ કરી છે કે પેમેન્ટ એગ્રીગેટર્સ વ્યવહારો માટે મધ્યસ્થી તરીકે કામ કરે છે અને તેથી તેને બેંક તરીકે વર્ગીકળત ન કરવું જોઈએ. મતલબ કે ફિટમેન્ટ પેનલ આ PA પર GST લાદવાની તરફેણમાં છે. હાલમાં, પેમેન્ટ એગ્રીગેટર્સને ૨,૦૦૦ રૂપિયાથી ઓછી રકમના વ્યવહારો પર જીએસટીમાંથી મુકતિ આપવામાં આવી છે. ભારતમાં કુલ ડિજિટલ પેમેન્ટમાંથી ૮૦ ટકાથી વધુ વ્યવહારો રૂ. ૨,૦૦૦થી ઓછા મૂલ્યના છે. ૨૦૧૬માં નોટબંધી દરમિયાન સરકાર દ્વારા જારી કરાયેલા નોટિફિકેશન મુજબ, પેમેન્ટ એગ્રીગેટર્સને આ વ્યવહારો પર વેપારીઓને તેઓ જે સેવાઓ પૂરી પાડે છે તેના પર ટેક્સ વસૂલતા અટકાવવામાં આવ્યા હતા. એગ્રીગેટર્સ હાલમાં વેપારીઓ પાસેથી ૦.૫% થી ૨% પ્રતિ ટ્રાન્ઝેક્શન ચાર્જ કરે છે. આવી સ્થિતિમાં, જો આ નાની ચુકવણીઓ પર GST લાગુ થાય છે, તો પેમેન્ટ એગ્રીગેટર્સ આ વધારાનો ખર્ચ વેપારીઓને આપી શકે છે.

## રાજયની ૧૫૦ નગરપાલિકાઓ માટે રોસ્ટર પધ્ધતિનું એલાન

### સૌરાષ્ટ્ર - કચ્છની ૬૩માંથી ૪૧ નગરપાલિકાઓમાં પ્રથમ અઢી વર્ષ મહિલાઓનાં હાથમાં સુકાન રહેશે : ઓબીસી અનામતનું ચિત્ર સ્પષ્ટ થવાની સાથે દરેક વોર્ડમાં હવે એક ઓબીસી ઉમેદવાર રહેશે

અમદાવાદ,તા.૯

ઓબીસી અનામતના મામલે લાંબા વખતથી અટકેલી નગરપાલિકાઓ તથા અમુક જીલ્લા પંચાયતોની ચૂંટણીના પડઘમ વાગવા માંડયા છે ત્યારે રાજય સરકાર દ્વારા રોસ્ટર જાહેર કરવામાં આવ્યુ છે. સૌરાષ્ટ્ર-કચ્છની ૬૩ માંથી ૪૧ નગરપાલિકામાં પ્રથમ ૨.૫ વર્ષ સુકાન મહિલાઓના હાથમાં રહેશે. આજ રીતે દરેક વોર્ડમાં ૧-૧ ઓબીસી ઉમેદવાર ફરજીયાત હશે. મોરબી તથા પોરબંદરને મહાનગરપાલિકાનો દરજજો આપવાનું જાહેર કરવામાં આવ્યું હોવાથી રોસ્ટર લીસ્ટમાંથી તેને બાકાત રાખવામાં આવી છે.

રાજયની નગરપાલિકાઓમાં લાંબા વખતથી ચૂંટણી અટકેલી હતી.પરીણામે મહિલાઓથી વહીવટદાર શાસન છે. હવે અનામતનું ચિત્ર સ્પષ્ટ થઈ જવાની સાથે દિવાળી કે વર્ષાંત સુધીમાં ચૂંટણી યોજવાના ચકઓ ગતિમાન થયા છે. રાજય ચુંટણી પંચ તથા રાજકીય પક્ષોએ પણ ચૂંટણીની તૈયારી શરૂ કરી દીધી છે. ત્યારે સરકાર દ્વારા આગામી ચૂંટણી (૨.૫ વર્ષ) માટે રોસ્ટર પ્રમુખપદ માટે રોસ્ટર જાહેર કરવામાં આવ્યુ છે.

રાજયની ૧૫૦ નગરપાલિકા માટે રોસ્ટરનું એલાન કરાયું છે તે પૈકી સૌરાષ્ટ્ર-કચ્છની ૬૩ માંથી ૪૧ નગરપાલિકામાં ચૂંટણી પછીના પ્રથમ અઢી વર્ષ માટે પ્રમુખપદ મહિલા અનામત રહેશે. જોકે જનરલ-ઓબીસી સહીત જુદી જુદી કેટેગરી તેમાં સામેલ છે.

ઓબીસી અનામતનું ચિત્ર સ્પષ્ટ થઈ જ ગયુ છે.જયારે એક વોર્ડમાં એક ઓબીસી ઉમેદવાર ફરજીયાત રહેશે. સામાન્ય રીતે એક વોર્ડમાં ચાર ઉમેદવાર રહેતા હોય છે તેમાં બે મહિલા અને બે પુરૂષ હોય છે.હવે એક ઓબીસી હશે.

### લખપતમાં ભેદી લોકચાળાથી ૪ દિવસમાં ૧૨નાં મોત

લખપત તા.૯

કચ્છના લખપત તાલુકાના ગામોમાં તાવના કારણે છેલ્લા ૪ દિવસમાં ૧૨ લોકોના મોત નીપજ્યાની ઘટના સામે આવી છે. જેના પગલે આરોગ્ય વિભાગ દોડતું થયું છે. આ અંગે રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, આરોગ્ય વિભાગ દ્વારા નિષ્ણાંતોની ટીમો મોકલવામાં આવી છે. જે આગામી બે દિવસમાં રિપોર્ટ તૈયાર કરશે ત્યાર બાદ જરૂરી પગલા ભરવામાં આવશે.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, કચ્છના લખપત અને અબડાસામાં છેલ્લા ૪ દિવસમાં લગભગ ૧૨ લોકોનાં મૃત્યું થયા છે. મૃત્યુનું કારણ જાણવા માટે આરોગ્ય વિભાગ દ્વારા, રાજકોટ પીડીયુ અને અદાણી કોલેજમાંથી નિષ્ણાતોની ટીમ મોકલવામાં આવી છે. જેમાં મીડીસીન પીએસએમ, માઈક્રો બોયોલોજી. બાળરોગ નિષ્ણાંત વગેરેને નિષ્ણાંતોની ટીમ જઈને ત્યાં સમગ્ર સર્વેલન્સ કરીને ત્યાંની માહિતી મોકલીને આ બાબતે મૃત્યુ થવાના કારણો જાણીને એ રિપોર્ટ રાજ્ય સરકારને બે દિવસમાં મોકલશે.

### જમ્મુ-કાશ્મીરમાં એન્કાઉન્ટર : બે આતંકવાદી ઠાર

શ્રીનગર, તા. ૯

જમ્મુ કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણી સમયે જ આતંક ફેલાવવાના ઈરાદા સાથે સક્રિય બનેલા બે આતંકીઓને આજે ભારતીય સૈન્યએ ઠાર માર્યા હતા અને તેમની પાસેથી મોટી સંખ્યામાં વિસ્ફોટકો પણ મળી આવ્યા હતા.

જેથી તેમનો ઈરાદો ચૂંટણીમાં પ્રચાર સમયે કોઈ મોટો ત્રાસવાદી હુમલો કરવાનો હતો. ખાસ કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના ટોચના નેતાઓ હવે જમ્મુ કાશ્મીરમાં પ્રચાર માટે જઈ રહ્યા છે તે જ સમયે આ હુમલો કરીને ચૂંટણી પ્રક્રિયા ખોરવવાના ઈરાદાને સેનાના ઘુસણખોરી દળોએ નિષ્ફળ કર્યુ છે.

એક ઈનપુટના આધારે ગતરાત્રે નૌશેરામાં આતંકી વિરૂધ્ધ અભિયાન શરૂ કરાયું હતું અને તેમાં દારૂગોળા અને શસ્ત્રો સાથે જઈ રહેલા બે આતંકીઓને આંતરવામાં આવ્યા હતા અને તેઓએ ગોળીબાર કરતા વળતા જવાબમાં બંનેને ઠાર મરાયા હતા અને આ ક્ષેત્રમાં હજુ વધુ ત્રાસવાદી હોવાના રીપોર્ટ બાદ ઓપરેશન યથાવત રખાયું છે.સેનાએ એલર્ટ જાહેર કર્યુ છે.


હાર્દિક શુભેચ્છા...

CREATING YOUR SMILE

**ડો. રિતેશ એન. ચૌહાણ**
B.D.S (ડેન્ટલ સર્જન)
REG No. A-4171

**સ્મિત ડેન્ટલ કેર**
૨૦૮, રાયજીનગર શોપીંગ સેન્ટર, ઓરીએન્ટલ બેંક ઉપર, મોતીબાગ રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧
સવારે ૯.૩૦ થી ૧.૦૦ - સાંજે ૪.૩૦ થી ૮.૩૦
**મો. ૯૭૧૨૭ ૩૦૪૫૧**

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



હાર્દિક શુભેચ્છા....

**હિરપરા ડેન્ટલ ક્લિનીક**
ઈમ્પ્લાન્ટ | પીડીયાટ્રીકસ | ઓર્થોડોન્ટિકસ

**ડો. દર્પણ આર. હિરપરા**
BDS, MDS, Oral Implantologist,
C. Orthodontics,
Certified in Advance Implant Prosthodontics




સ્ક્રુ પધ્ધતિથી નવા દાંત બેસાડવા તથા ફિકસ બત્રીસી બનાવવાનાં નિષ્ણાંત
સમય : સવારે ૧૦:૦૦ થી સાંજે : ૭:૦૦ (રવિવારે બંધ)
બીજો માળ, પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બસસ્ટેશન સામે, જૂનાગઢ. ફોન : ૦૨૮૫ - ૨૬૩૬૩૯૩



**ડો. ભૂમિકા ડી. હિરપરા**
BDS, MDS,
Pedodontics and Preventive Dentistry
બાળકોનાં દાંત તથા મોઢાના રોગોનાં નિષ્ણાંત

**પાર્શ્વ ડેન્ટલ કેર**
ઉપલબ્ધ સારવાર : ● વાંકાચુંકા દાંતની સારવાર ● ડાહપણ દાઢ કાઢવાની સર્જરી ● મો તથા જડબાનાં કેન્સરનું બાયોપ્સી દ્વારા સચોટ નિદાન ● રૂટ કેનાલ ટ્રીટમેન્ટ તથા દાંતને લગતી તમામ સારવાર ઉપલબ્ધ
અક્ષર પ્લાઝા - ૧, ચોથો માળ, ઝાંઝરડા ચોકડી, જૂનાગઢ. મો. ૯૪૨૯૦ ૧૮૩૨૮

# કેશોદ શહેર-તાલુકામાં ગણેશોત્સવનો વાજતેગાજતે ઉત્સાહભેર ઉજવણી



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ તા.૯

કેશોદ શહેર અને તાલુકાનાં ગ્રામ્ય વિસ્તારોમાં ગણેશ ચતુર્થીથી રિધ્ધિ-સિધ્ધિના દાતા ગજાનન ગણપતિ દાદાની આકર્ષક કલાત્મક મૂર્તિઓ વાજતેગાજતે ઉત્સાહભેર લઈ વિવિધ વિસ્તારોમાં સ્થાપના કરવામાં આવી છે. કેશોદ શહેરના વિવિધ વિસ્તારોમાં યુવક મંડળ યુવક મંડળ સત્સંગ મંડળ સહિત વિવિધ સંસ્થાઓ દ્વારા દશ દિવસ સુધી ગણપતિની સ્થાપના કરી આસ્થાભેર પુજા અર્ચના કરી રાત્રે મહાઆરતી ઉપરાંત વિવિધ ધાર્મિક સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. તારીખ ૭ સપ્ટેમ્બર શનિવારથી ગણેશ ઉત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. આ ઉત્સવ ૧૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. એવું માનવામાં આવે છે કે ભગવાન ગણેશ ભાદરવા મહિનાની શુક્લ ચતુર્થીના દિવસે પ્રગટ થયા હતા. આ કારણથી દર વર્ષે આ તિથિએ દરેક ઘરમાં ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરવામાં આવે છે અને અનંત ચતુર્દશી સુધી વિશેષ પૂજા કરવામાં આવે છે. માટીની મૂર્તિ ઘરમાં સ્થાપિત કરવી શ્રેષ્ઠ છે.દશ દિવસ સુધી ચાલતાં ગણેશોત્સવનું રહસ્ય મહાભારત સાથે જોડાયેલું છે. ગણેશ ચતુર્થી આપણા દેશનો એક મહત્ત્વપૂર્ણ તહેવાર છે, જે સમગ્ર ભારતમાં ખૂબ જ ધામધૂમ અને ભક્તિ સાથે ઊજવવામાં આવે છે. ગણેશ ઉત્સવની ધામધૂમ અને ભવ્યતા ઘણાં રાજ્યોમાં જોવાલાયક હોય છે. આ તહેવાર ભગવાન ગણેશની જન્મજયંતિ તરીકે ઉજવવામાં આવે છે, જે વિઘ્નોને દૂર કરનારા અને બુદ્ધિદાતા દેવ તરીકે પૂજવામાં આવે છે. ગણેશ ચતુર્થીથી ૧૦-દિવસીય ગણેશ ઉત્સવની શરૂઆત કરવામાં આવે છે જે અનંત ચતુર્દશીના અવસરે ૧૦માં દિવસે ગણપતિ વિસર્જન સાથે સમાપ્ત થાય છે. ગણેશ ચતુર્થીનું મહત્ત્વ, તેને ૧૦ દિવસ સુધી ઊજવવા પાછળની કથા મહાભારતના લેખન કાર્યની શરૂઆત ગણેશ ચતુર્થી વિશે એવી પણ માન્યતા છે કે ભાદરવા મહિનામાં ચતુર્થીના દિવસે ભગવાન ગણેશએ મહાકાવ્ય 'મહાભારત' લખવાની શરૂઆત કરી હતી. મહર્ષિ વેદવ્યાસે મહાભારતની રચના માટે ભગવાન ગણેશનું આહ્વાન કર્યું હતું. તેમને મહાભારતનું અનુલેખન કરવા વિનંતી કરી. ગણેશજી એ કહ્યું કે જ્યારે હું લખવાનું શરૂ કરીશ ત્યારે હું કલમ બંધ નહીં કરૂ, જો કલમ બંધ થઈ જશે તો હું લખવાનું બંધ કરી દઈશ. ત્યારે વ્યાસજીએ કહ્યું, પ્રભુ, તમે વિદ્વાનોમાં અગ્રેસર છો અને હું એક સામાન્ય ઋષિ છું, કોઈપણ શ્લોકમાં ભૂલ હોઈ શકે છે, તેથી સમજ્યા વિના અને ભૂલ હોય તો શ્લોક લખીને સુધારી લેશો. ચતુર્થીના દિવસે વ્યાસજીએ શ્લોકોનું પઠન કરવાનું શરૂ કર્યું અને ગણેશજીએ મહાભારત લખવાનું શરૂ કર્યું. તે પછી ૧૦ દિવસ પછી અનંત ચતુર્દશીના દિવસે લેખન કાર્ય પૂર્ણ થયું. આ દસ દિવસો દરમ્યાન ગણેશજી એક જ આસન ઉપર બેસીને મહાભારત લખતા રહ્યા, જેના કારણે દસ દિવસમાં તેમનું શરીર સ્થિર થઈ ગયું અને તેમના શરીર ઉપર ધૂળ અને માટીનો એક થર જમા થઈ ગયો હતો. ૧૦માં દિવસે, વેદ-વ્યાસજીએ જોયું કે ગણેશજીના શરીરનું તાપમાન વધી ગયું છે. ત્યારે વેદ વ્યાસજીએ તેમને નદીમાં સ્નાન કરી શરીરને શાંત કરવા કહ્યું. ત્યારબાદ દસ દિવસ પછી ગણેશજીએ સરસ્વતી નદીમાં સ્નાન કરીને તેમના શરીર ઉપર જમા થયેલી ધૂળ અને માટીને સાફ કરી. તેથી ગણેશ ચતુર્થી ઉપર ભગવાન ગણેશની સ્થાપના કરવામાં આવે છે અને ૧૦ દિવસ સુધી મન, વચન, કાર્ય અને ભક્તિથી તેમની પૂજા કર્યા પછી અનંત ચતુર્દશીએ વિસર્જન કરવામાં આવે છે. વેદ-વ્યાસજીએ ગણેશજીને નદીમાં સ્નાન કરાવ્યું, ત્યારથી ગણેશ ચતુર્થીના તહેવારની ઉજવણી શરૂ થઈ. જે સતત ચાલુ રહે છે. તેથી ભગવાન ગણેશની મૂર્તિનું ૧૦માં દિવસે નદી અથવા તળાવમાં વિસર્જન કરવામાં આવે છે. ગણેશ ચતુર્થીના શુભ અવસર ઉપર ભગવાન ગણેશની મૂર્તિની સ્થાપના કરવામાં આવે છે. મૂર્તિ સ્થાપિત કર્યા પછી, હિન્દુ રીતરિવાજો મુજબ આનંદ ચૌદશ સુધી તેની પૂજા કરવામાં આવે છે પછી, ગણેશ મૂર્તિને કોઈપણ તળાવ, સરોવર અથવા નદીઓનાં પાણીમાં ભક્તિગીતો અને સંગીતનાં સાધનો સાથે વિસર્જન કરવામાં આવે છે. વિસર્જનનો હેતું ભગવાન ગણેશને વિદાય આપવાનો હોય છે, જે અવરોધો દૂર કરનાર અને રિદ્ધિ-સિદ્ધિ આપનાર દેવતા તરીકે ઓળખાય છે.

તારીખ ૭ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થીથી શરૂ થયેલો ગણેશ ઉત્સવ તારીખ ૧૭ સપ્ટેમ્બરે ગણેશ વિસર્જન સાથે સમાપ્ત થશે. કેશોદ શહેર તાલુકામાં ગણેશોત્સવ મા કેશોદ પોલીસ દ્વારા પુરતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

## વિનાયક એપાર્ટમેન્ટ, દિપાંજલી-૨ ટીંબાવાડી ખાતે અવતાર ગૃપ દ્વારા ગણપતિ ઉત્સવનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૯

ટીંબાવાડી વિસ્તારમાં દિપાંજલી-૨માં આવેલ વિનાયક એપાર્ટમેન્ટ પાસેના સાર્વજનિક પ્લોટમાં છેલ્લા સાત વર્ષથી ગણપતિ ઉત્સવની અવતાર ગૃપ દ્વારા ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે. તે મુજબ ચાલુ વર્ષે પણ મોટો પંડાલ બનાવી સવારે ૯:૩૦ કલાકે ગણપતિજીની વિધિવત સ્થાપના કરી પુજા તથા આરતી કરવામાં આવેલ, તેમજ સાંજના સમયે બટુકોને ભોજન કરાવી સાંજના ૭ કલાકે માનવ મહેરામણ વચ્ચે ભવ્ય આરતી સિનિયર સિટીઝન પ્રતાપભાઈ મહેતાના સ્વહસ્તે કરવામાં આવી ત્યારબાદ જુદા જુદા દાતાઓ તરફથી નાના બાળકોને જુદી જુદી આઈટમ ભેટ આપવામાં આવી હતી. ચુરમાના લાડુની બધાને પ્રસાદી આપવામાં આવી હતી. રાત્રે સત્સંગ તથા બહેનો રાસ રમશે. આમ અતિ ઉત્સાહ સાથે નામી અનામી કાર્યકરો, સ્વયંસેવકો આ ઉત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

## જૂનાગઢમાં ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા ગણપતિ ઉત્સવની ભાવભેર ઉજવણી




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

ગાંધીગ્રામ ગરબી મંડળ દ્વારા અને ગાંધીગ્રામની જનતાના સહયોગથી ગણપતિ બાપાનું સ્થાપન કરેલ છે. આ આયોજનમાં ગરબી મંડળના કાર્યકર્તાઓ વીરાભાઈ મોરી, જીજ્ઞેશભાઈ દવે, કેતનભાઈ બામરોટીયા, મજીદભાઈ ચૌહાણ, મનસુખભાઈ હડિયલ, નાથાભાઈ આહિર, મેણશીભાઈ વાજા, મેહુલ કોઠારી, શાહરૂખ મકવાણા, મીત કોડિયાતર, સુરેશ સચાણીયા, પ્રફુલભાઈ શાહ તેમજ અન્ય કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલી છે.

## જૂનાગઢના સામાજીક કાર્યકર કિશોરભાઈ ચોટલીયાના નિવાસસ્થાને ભગવાન ગણેશજીનું સ્થાપન કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૯

સનાતન પરંપરાના પ્રથમ પૂજ્ય દેવ ગજાનંદ મહારાજનો દિવ્ય ઉત્સવ પ્રારંભ થયો છે તે અનુસંધાને સામાજિક કાર્યકર કિશોરભાઈ ચોટલીયાની પૌત્રી કુમારી હિતાક્ષીના હસ્તે પોતાના નિવાસસ્થાને ગણપતિનું સ્થાપન કરવામાં આવેલ. ગણપતિ દાદાને હિતાક્ષી દ્વારા ગૃહ પ્રવેશ કરાવી સ્થાપન ઉપર બિરાજમાન કરાવવામાં આવેલ ત્યારબાદ દાદાને કંકુ ચોખાથી વધાવી ફૂલહાર કરી દાદાનું પૂજન કરીને દાદાને પ્રિય એવા મોદકનો પ્રસાદ ધરી પરિવારના દરેક સભ્યો દ્વારા આરતી ઉતારવામાં આવેલ. આ શુભ પ્રસંગમાં હિતાક્ષીના પરદાદા મોહનભાઈ, દાદા કિશોરભાઈ ચોટલીયા, પિતા રૂષાન્તભાઈ, કાકા અર્જુનભાઈ અને સૌનો લાડલો નાનો ભાઈ અનિરૂદ્ધ તેમજ દાદી છાયાબેન, મમ્મી વૈશાલીબેન, કાકી જહાનવીબેન વગેરે ઉપસ્થિત રહી આ પ્રસંગ ઉત્સાહ, ઉમંગભેર ઉજવણી કરી ખૂબ જ ધન્યતા અનુભવી હતી. ગણેશઉત્સવના મંગલ પ્રારંભે વિઘ્નહર્તાદાદાને વંદન કરીને પ્રાર્થના કરીએ કે દરેકને સુખ શાંતિ અને સારી તંદુરસ્તી પ્રદાન કરે તેવી પ્રાર્થના કરી હતી.

## શાપુર ગામેથી વાડી વિસ્તારમાં ચાલતા જુગારના અખાડા પર પોલીસના દરોડા : ૯ જુગારીઓ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

વંથલી તાલુકાના શાપુર ગામે ખારા સીમમાં ચાલતા જુગારના અખાડા પર પોલીસે દરોડો પાડતા ૯ જુગારીઓને ૨.૮૭ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર શાપુર ગામે આવેલ ખારા સીમમાં વાડી ધરાવતા મનુભાઈ વડારીયાની વાડીમાં જુગાર અખાડો ચાલતો હોવાની બાતમીના આધારે વંથલી પોલીસે દરોડો પાડતા આ જુગારનો અખાડો વાડી માલીક મનુભાઈ વડારીયા અને રાજેશ ભોવનભાઈ પાડલીયા બંને સાથે મળી બહારથી માણસો બોલાવી નાલ ઉઘરાવી જુગાર અખાડો ચલાવતા હોવાનું જાણવા મળેલ સાથે આ દરોડામાં રાજેશ ભોવનભાઈ પાડલીયા, જેન્તીલાલ મુળજીભાઈ પાડલીયા, મનસુખ નાજી ફળદુ, વિપુલ મગનભાઈ વાઘેલા, મુકેશ કારાભાઈ ફળદુ, હરસુખ અરજણભાઈ પનારા, જયેશ દેવરાજ વાઘેલા, રતિલાલ લીલાધર ફળદુ, કાન્તીલાલ ગોવીંદભાઈ કારાવાડીયાને રૂા.૭૬૫૮૦ રોકડ, ૯ મોબાઈલ, ૭ મોટર સાયકલ સહિત કુલ ૨,૮૭,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ જયારે વાડી માલીક મનુભાઈ વડારીયા હાજર નહી મળી આવતા પોલીસે તમામ આરોપીઓ વિરૂધ્ધ વંથલી પોલીસ મથકે જુગારધારા ૪,૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ રાણાએ હાથ ધરી છે.

## જૂનાગઢમાં ગણપતિ ઉત્સવની ભાવભેર ઉજવણી : લોકોમાં ઉત્સાહ




ગણેશ ચતુર્થીના દિવસથી જૂનાગઢ શહેર અને જીલ્લામાં ગણપતિ ઉત્સવનો ભક્તિભાવ પૂર્વક પ્રારંભ કરવામાં આવ્યો છે. જૂનાગઢ શહેરમાં વિવિધ વિસ્તારોમાં ગણપતિનું સ્થાપન કરી પંડાલમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી રહી છે. વર્ષોથી આ જૂનાગઢમાં ગણપતિ ઉત્સવની ઉજવણીનો શ્રેય જેઓને જાય છે તેવા સીંદે પરિવાર દ્વારા આ વર્ષે પણ ગણપતિ ઉત્સવ ભાવભેર ઉજવવામાં આવી રહેલ છે અને પૂજન-આરતી-પ્રસાદ સહિતના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે જયારે અંબિકા ચોક ખાતે પણ ગણપતિ ઉત્સવની ઉજવણી થઈ રહી છે. આ ઉપરાંત વડલેશ્વર મહાદેવ નજીક પણ ગણપતિ ઉત્સવ ઉજવાઈ રહ્યો છે અને શહેરના અનેક વિસ્તારોમાં પણ ભગવાન ગણેશજીનું સ્થાપન કરીને ભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ભાવિકો મોટી સંખ્યામાં ઉજવણીનો લાભ લઈ રહ્યા છે અને ભક્તિભાવપૂર્વકના વાતાવણમાં વિઘ્નહર્તા દેવની આરતી-પૂજા સહિતના અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. (તસ્વીર : ધીરૂ સોની)

## જૂનાગઢના ગણેશનગરમાં ગેસ લીકેજની ઘટનામાં માસુમ પુત્ર બાદ પિતાનું પણ મૃત્યું

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરના ગીરનાર દરવાજા નજીક ગણેશનગરમાં ગત મંગળવારે રાત્રે ગેસ લીકેજનો બનાવ બનવા પામ્યો હતો. જેમાં ઈજાગ્રસ્ત બનેલાઓને રાજકોટ ખાતે સારવાર આપવામાં આવી રહી છે. આ બનાવમાં માસુમ પુત્ર બાદ પિતાનું પણ મૃત્યું થતાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. આ બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર ગિરનાર દરવાજા નજીક આવેલ ગણેશ નગરમાં રહેતા કાનજીભાઈ માવજીભાઈ કટારીયાના મકાનના રસોડામાં મંગળવારની રાત્રે ૧૧ વાગ્યે ગેસ લીકેજ થતાં બ્લાસ્ટ થયો હતો અને ૫૫ વર્ષના કાનજીભાઈ તથા તેમના ૩૩ વર્ષના પુત્ર વિજયભાઈ, ૩૨ વર્ષની પુત્રવધુ મનીષાબેન તથા ૭ વર્ષના પૌત્ર દત દાઝી જતાં વધુ સારવાર માટે રાજકોટ સીવીલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં બુધવારે સાંજે ૪ વાગ્યે માસુમ દત્તનું મૃત્યું થયું હતું અને શનિવારની રાત્રે વિજયભાઈનું પણ રાજકોટ સીવીલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મૃત્યું થતાં આ બનાવમાં મૃત્યુઆંક વધીને બે પર પહોંચ્યો છે. જ્યારે મૃતક વિજયભાઈના પત્ની મનીષાબેન અને પિતા કાનજીભાઈ રાજકોટ ખાતે સારવાર હેઠળ છે. આ ગેસ લીકેજની ઘટનામાં માસુમ પુત્ર અને ત્યારબાદ પિતાનું પણ સારવાર દરમ્યાન મૃત્યું થતાં પરિવારજનોમાં શોકનું મોજુ પ્રસરી ગયું છે.

## વંથલીના પાદરડી ગામેથી દેશી પીસ્ટલ સાથે શખ્સ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

વંથલી તાલુકાના પાદરડી ગામેથી વંથલી પોલીસે એક શખ્સને દેશી હાથ બનાવટની પીસ્ટલ સાથે ઝડપી લઈ વંથલી પોલીસ મથકે આર્મ્સ એકટ અંતર્ગત કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વંથલી પોલીસે ગઈકાલ સાંજના સમયે પેટ્રોલીંગ દરમ્યાન પાદરડી ગામેથી નરેશ ભીમશીભાઈ ભેટારીયા (ઉ.વ.૩૧) રહે.ટીકર પાદરડીવાળાને દેશી હાથ બનાવની સ્ટીલ જેવી ધાતુની પીસ્ટલ (બંદુક) કિ.રૂા.૧૦,૦૦૦, મોબાઈલ સહિત ૧૫૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ વંથલી પોલીસ મથકે આર્મ્સ એકટ કલમ ૨૫(૧)બીએ અંતર્ગત ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ વાય.બી.રાણાએ હાથ ધરી છે.

## ખંભાળિયા શિરેશ્વર લોકમેળામાં ચઢતા પહોરે શોર્ટ સર્કિટના કારણે આગ




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં ચાલી રહેલા શિરૂ તળાવના લોકમેળામાં આજરોજ ચઢતા પહોરે (ગત મધ્યરાત્રી)ના આગ લાગી હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ગત રાત્રે આશરે પોણા ત્રણથી સવા ત્રણ વાગ્યા સમય સુધીના સમયગાળા દરમિયાન શિરૂ તળાવના લોકમેળામાં આવેલા શિવ તાંડવ વિસ્તારમાં મેઈન લાઈનમાં શોર્ટ સર્કિટ થયો હતો. જેના કારણે મેળામાં આવેલા મોતના કુવાની બાજુમાં આગ લાગી હતી. આ બનાવ બનતા જિલ્લા ફાયર અધિકારીની સૂચના મુજબ ફાયર સ્ટાફના બ્રિજરાજસિંહ તેમજ તેમની ટીમ દ્વારા ફાયર ફાઈટરની મદદથી પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો હતો.

## ખંભાળિયાના શિરેશ્વર લોકમેળામાં ઉમટી હકડેઠઠ જનમેદની : મેળા શોખીન ખુશખુશાલ



### આજે ચોથા દિવસે ખંભાળીયાના મેળાની થશે મંગલ પૂર્ણાહુતિ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર ગ્રામ પંચાયત સ્થિત શ્રી શિરેશ્વર મહાદેવ મંદિરના વિશાળ પટાંગણમાં યોજાયેલા શીરૂ તળાવના લોકમેળામાં ગઈકાલે રવિવારે હજારોની સંખ્યામાં મેળા શોખીન લોકો ઉમટી પડ્યા હતા. તેઓએ ગત મોડી રાત્રી સુધી લોકમેળાની મોજ માણી હતી. ખંભાળિયામાં રખ પાંચમના મેળા તરીકે જાણીતા શિરૂ તળાવના આ લોકમેળા કે જેનો પ્રારંભ શુક્રવારથી થયો છે, તેના ત્રીજા દિવસે રવિવારે ખૂબ મોટી સંખ્યામાં જનમેદની મેળાની મોજ માણવા ઊમટી પડી હતી. ફક્ત ખંભાળિયા શહેર જ નહીં પરંતુ સમગ્ર જિલ્લા તેમજ આસપાસના વિસ્તારમાંથી ગઈકાલે રવિવાર હોવાથી સવારથી જ મેળા શોખીન લોકો મેળાની મોજ માણવા વિવિધ વાહનોમાં ઉમટી પડ્યા હતા. ગત સાંજથી આ મેળામાં જાણે પગ મુકવાની પણ જગ્યા ન હોય તેવી પરિસ્થિતિ જોવા મળી હતી.

અહીં વિવિધ પ્રકારની વિવિધ રાઈડ્સ તેમજ મનોરંજનના સાધનો અને ખાણીપીણીની મોજ માણવા લોકો મોડીરાત્રી સુધી અહીં રહ્યા હતા. આ વચ્ચે ઉલ્લેખનીય છે કે ખંભાળિયા પંથકમાં સાતમ, આઠમ કે અન્ય કોઈ લોકમેળા યોજાતા નથી. ફક્ત શક્તિનગર વિસ્તારના રખ પાંચમના શીરૂ તળાવના આ લોકમેળા જ યોજાય છે. જેમાં આ ચાર દિવસમાં લાખોની સંખ્યામાં લોકો હોંશભેર જોડાય છે. જેમાં દૂર દૂરથી આવતા વિવિધ ધંધાર્થીઓ તેમજ નાના પરિવારોને સારી એવી રોજગારી પણ મળે છે.

શક્તિનગર ગ્રામ પંચાયત દ્વારા યોજવામાં આવતા આ લોકમેળા માટે જિલ્લા પ્રશાસન તેમજ પોલીસ તંત્ર દ્વારા પણ અવિરત રીતે નજર રાખીને જરૂરી નિયમોની અમલવારી કરાવવામાં આવે છે. મીની તરણેતરના મેળા જેવી ખ્યાતિ પામેલા આ લોકમેળાની આજે સોમવારે રાત્રે પૂર્ણાહુતિ થશે.

## શ્રી ગણપતિ મહોત્સવ નિમિતે ગણપતિદાદાનું પૂજન-અર્ચન-આરતી



(પ્રતિનિધિ દ્વારા) સાળંગપુર તા.૯

સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશ દાસજી (અથાણાવાળા) ની પ્રેરણાથી તેમજ કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી શ્રી ગણપતિ મહોત્સવ નિમિતે તા.૮-૯-૨૦૨૪ ને રવિવારના રોજ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી દાદાને હજારીગલ - ફૂલોનો દિવ્ય શણગાર ધરાવવામાં હતો તથા શ્રીહરિ મંદિરમાં સવારે ૯:૩૦ કલાકે ગણપતિ દાદાનું પૂજન-અર્ચનપવિત્ર બ્રાહ્મણો દ્વારા કરી કોઠારીશ્રી વિવેકસાગરદાસજી સ્વામીના (અથાણાવાળા)દ્વારા ગણપતિજીની આરતી કરવામાં આવી હતી. ભક્તોએ આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.

## જૂનાગઢ : મધુરમ વિસ્તારમાં આવેલ કામનાથ નગરમાંથી મહિલા સંચાલિત જુગારધામ ઝડપાયું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં આવેલ કામનાથ નગરમાં મહિલા સંચાલિત જુગારધામમાંથી ૭ મહિલાઓ સહિત ૮ને ૪૫૯૧૦ના મુદ્દામાલ સાથે સી ડીવીઝન પોલીસે ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર સી ડીવીઝન પોલીસે કામનાથ નગર વિસ્તારમાં રહેતા નિર્મળાબેન ઉર્ફે નિમુબેન લક્ષ્મીદાસભાઈ ટાંકના મકાને બહારથી મહિલાઓ અને પુરૂષોને બોલાવી નાલ ઉઘરાવી જુગાર રમી રમાડતા નિર્મળાબેન સહિત મંગલાબેન રમેશભાઈ વાઘેલા, શીતલબેન વિશાલભાઈ ટાંક, લીલાબેન વીરજીભાઈ ચાવડા, દક્ષાબેન મનોજભાઈ ડાંગર, હીનાબેન મુન્નાભાઈ ચંદાણી, પાયલબેન ઉદયભાઈ ગોહેલ અને ઉદયભાઈ ભીખુભાઈ કનાડાને ૧૪૨૧૦ રૂપિયા રોકડ, નાલના રૂા.૧૭૦૦, ૬ મોબાઈલ મળી કુલ ૪૫૯૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લઈ જુગારધારા ૪, ૫ મુજબ કાર્યવાહી કરી છે.

# ગુજરાત ભાજપના મીડિયા સેલની મીટીંગ તેમજ સદસ્યતા અભિયાન ગાંધીનગર કમલમ ખાતે યોજાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ગુજરાત રાજ્ય ભાજપ દ્વારા સદસ્યતા અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જે અંતર્ગત તાજેતરમાં રાજ્યના ભાજપ કાર્યાલય ગાંધીનગર કમલમ ખાતે રાજ્યભરના મીડિયા સેલના કન્વીનરો તેમજ સહ કન્વીનરોની ખાસ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં રાજ્ય સદસ્યતા અભિયાનના કન્વીનર તથા પૂર્વ રાજ્ય મહામંત્રી કે.સી. પટેલ, પ્રદેશ પ્રવક્તા હેમલભાઈ વ્યાસ, હિતેન્દ્રભાઈ પટેલ, રાજ્યના મીડિયા કન્વીનર ડો. યજ્ઞેશભાઈ દવે વિગેરે દ્વારા સદસ્યતા અભિયાન તથા ભાજપના તમામ લોકોના સભ્યપદ રદ થઈ ગયા છે અને નવેસરથી સદસ્યતા નોંધણીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવા અંગે નરેન્દ્ર મોદી અને જે.પી. નડ્ડા દ્વારા કરાયેલી જાહેરાત બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

પ્રાથમિક સદસ્ય તથા સક્રિય સદસ્ય એમ બે તબક્કામાં થનારા કાર્યક્રમ અંગેની જાણકારી અહીં આપવામાં આવી હતી. આ ઉપરાંત ૧૦૦ પ્રાથમિક સદસ્યો બનાવે તેને સક્રિય સભ્ય પદ મળે તે અંગેની જાણકારી અપાઈ હતી. આ કાર્યક્રમનું સંચાલન ઝુબિનભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના મીડિયાના અગ્રણીઓ સુરેશભાઈ માંગુકિયા, સુરેશભાઈ પરમાર, રાજુભાઈ ભટ્ટ, હિતેન્દ્રભાઈ આચાર્ય, ભાર્ગવભાઈ ઠાકર, જયસુખભાઈ મોદી વગેરે જોડાયા હતા.

સદસ્યતા અભિયાન ૨૦૧૪-૨૦૧૯ માં શરૂ થયું હતું. જેમાં વર્ષ ૨૦૧૪માં ભાજપના ૧૧ કરોડથી વધુ સદસ્યો સાથે ભાજપ વિશ્વની સૌથી મોટી પાર્ટી બની ગઈ હતી. તેમાં ગુજરાતમાંથી ૧.૧૯ કરોડ સદસ્યો સાથે સમગ્ર દેશમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ વખતે ૧.૫૧ કરોડનું લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યું છે.

# સિધ્ધ કરાઓકે મ્યુઝિકલ એકેડેમી જૂનાગઢ દ્વારા શિક્ષક દિવસ નિમીતે શિક્ષકોનો સન્માન કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૯

સિધ્ધ કરાઓકે મ્યુઝિકલ એકેડેમીના સૂરીલા સભ્યો કે જેઓ આચાર્ય, શિક્ષક તરીકે ફરજ બજાવે છે તેઓનું ૫ સપ્ટેમ્બર ૨૦૨૪ના શિક્ષક દિવસ નીમીતે સિધ્ધ એકેડેમી દ્વારા સન્માન કાર્યક્રમનું આયોજન કરાયું હતું. ખાસ તો આ દિવસે શહેરમાં લોક જાગૃતિ લાવવા સતત સક્રિય, રાષ્ટ્રહિત અને માનવતાના કાર્યો માટે પ્રયત્નશીલ જાણીતા એવા ઓનલી ઈન્ડિયન વન મેન એન.જી.ઓ.ને ગરીબ પરીવારનાં વિદ્યાર્થીઓને સહાયરૂપ થવા સહું સન્માનિત શિક્ષકોના વરદ હસ્તે સિદ્ધ મ્યુઝિક એકેડમી તરફથી અનુદાનની રકમ ભેટ આપી સાથે સાથે સિદ્ધ મ્યુઝિક કરાઓકે એકેડમીનાં સ્થાપક તથાં સદાકાળ એડમીન લીનાબેન ભટ્ટ કે જેઓ પોદાર સ્કૂલમાં શિક્ષિકા હતાં તેઓને આજે ખાસ યાદ કરી પ્રદીપસિંહ ચુડાસમાં તથાં ઉપસ્થિત સભ્યોએ લીનાબેનને બુકે અર્પણ કરીને સન્માન કર્યુ. શિક્ષક દિન નિમિતે અલ્તાભાઈ વીરાણી, રશ્મીબેન વ્યાસ, નીતાબેન ડાંગર, દક્ષાબેન રેણુકા, વિજયેતાબેન દવે (પબાણી), પીયુષભાઈ પબાણી, વિજયભાઈ ચુડાસમાં આ તમામનાં સન્માન કરવામાં આવ્યા. સૌએ એકેડમીમાં સરસ ગીત સંગીતની મજા માણી એકેડેમીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ખંભાળિયામાં ભાવભરી રીતે ગણપતિને સ્થાપિત કરાયા : ઠેર ઠેર ધાર્મિક કાર્યક્રમોના આયોજન



(પ્રતિનીધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ખંભાળિયા શહેર તથા તાલુકામાં આજથી શરૂ થયેલા ગણેશ ચતુર્થીના પર્વ નિમિત્તે જુદા જુદા વિસ્તારોમાં ગણેશ સ્થાપનના કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે વાજતે ગાજતે વિઘ્નહર્તા દેવને ભાવભરી રીતે સ્થાપિત કરાયા હતા. જ્યાં પૂજન-અર્ચન કરી, અને ગણપતિ સ્થાપન કરાયું હતું. અહીંના પોસ રહેણાંક વિસ્તારો રામનાથ સોસાયટી, નવાપરા, જૂની લોહાણા મહાજન વાડી - જલારામ ચોક, બેઠક રોડ, ઉપરાંત ઝવેરી બજાર, લુહારશાળ વિગેરે સ્થળોએ ગણેશ પંડાલોમાં આકર્ષક રોશની તેમજ સંગીતમય વાતાવરણ વચ્ચે જુદા જુદા કાર્યક્રમો શ્રીનાથજીની ઝાંખી, અન્નકૂટ દર્શન, વિગેરે માટે ગણેશ ભક્તોની ટીમ દ્વારા નોંધપાત્ર જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# ભાટિયામાં આવતીકાલથી બે દિવસ વિનામૂલ્યે દંતયજ્ઞ તથા સારવાર કેમ્પનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૯

ભાટીયાની જાણીતી સેવા સંસ્થા કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ તથા ખંભાળિયાની સંસ્થા માનવ સેવા સમિતિના સંયુક્ત ઉપક્રમે આવતીકાલ મંગળવાર તા.૧૧ મીના રોજ ભાટીયાની લોહાણા મહાજન વાડી ખાતે વિનામૂલ્યે દંતયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં લંડન (યુ.કે.) ડોક્ટરોની ટીમ દ્વારા દર્દીઓને દાંત અંગેની સારવાર વિના મૂલ્યે કરી આપવામાં આવશે.

આ સેવા કાર્ય માટે સ્વ. રમેશભાઈ પ્રેમજીભાઈ બદીયાણી પરિવાર સહિત યુકે અને કેનેડાના દાતા સદગૃહસ્થોનો આર્થિક સહયોગ સાંપડ્યો છે. મંગળવારે સવારે ૯ થી ૧ તેમજ સાંજે ત્રણથી પાંચ અને બુધવારે સવારે ૯ થી ૧ વાગ્યા સુધી આ કેમ્પનો મહત્તમ લાભ લેવા ભાટીયા તથા આસપાસના વિસ્તારના લોકોને કિશોર ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ કિશોરભાઈ દત્તાણી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. આ કેમપને સફળ બનાવવા ટ્રસ્ટના સભ્યો દ્વારા જહેમત ઉઠાવવામાં આવી રહી છે.

# શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ દ્વારા શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવનું આયોજન

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૯



શ્રી સ્વામીનારાયણ મંદિર-વડતાલધામ દ્વારા આગામી ૭થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ દરમ્યાન આયોજિત શ્રી લક્ષ્મીનારાયણ દેવ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપક્રમે શ્રી સ્વામીનારાયણ ગુરૂકુળ-કણભાના સ્થાપક સદ્‌ગુરૂવર્ય પૂજ્ય ધ્યાની સ્વામીજીના શિષ્ય, મેનેજિંગ ટ્રસ્ટી શાસ્ત્રી સત્સંગભૂષણદાસ સ્વામીજીએ શ્રી શિવલાલભાઈ ભંડેરીના નિવાસસ્થાને રાજકોટ પધરામણી કરી દ્વિશતાબ્દી મહોત્સવની આમંત્રણ પત્રિકા શ્રી શિવલાલભાઈ ભંડેરી તથા તેમના સુપુત્ર જગદીશ ભંડેરીને રૂબરૂ સુપરત કરી હતી. આ શુભ અવસરે કણભાના ટ્રસ્ટી મધુભાઈ સોની, ઘનશ્યામ મહારાજ સેવક મંડળ-રાજકોટના પ્રમુખ વાસુદેવભાઈ સોની, મંત્રી મિતેશ ધોળકીયા, જુગલ પાટડીયા તેમજ બહોળી સંખ્યામાં હરિભક્તોએ સ્વામીજી સાથે હાજરી આપી હતી. સ્વામીનારાયણ મંદિર-વડતાલધામ દ્વારા આ દિવ્ય અને ભવ્ય મહોત્સવ ૭ થી ૧૫ નવેમ્બર, ૨૦૨૪ સુધી ઉજવાશે. તેમાં શાસ્ત્રી સત્સંગભૂષણદાસ સ્વામીજીએ બહોળી સંખ્યામાં હરિભકતો તેમજ આમંત્રિત મહેમાનોને હાજરી આપવા અનુરોધ કરેલ છે.

### સરફરાઝ ખાને ચોગ્ગા ઉપર ચોગ્ગા ફટકાર્યા

# સરફરાઝ ખાન બીજી ઇનિંગમાં સારા ફોર્મમાં જોવા મળ્યો

## ઈન્ડિયા બીની પ્રથમ ઈનિંગમાં સરફરાઝના નાના ભાઈ મુશીર ખાને શાનદાર ૧૮૧ રન બનાવ્યા હતા

બેંગલુરુ, તા.૯

**Duleep Trophy 2024**માં ભારત **A** વિરૂદ્ધ પ્રથમ ઈનિંગમાં ખરાબ રીતે ફલોપ ગયેલો સરફરાઝ ખાન બીજી ઈનિંગમાં સારા ફોર્મમાં જોવા મળ્યો હતો. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ભારત છ અને ભારત **B** વચ્ચે ચાલી રહેલી મેચ અત્યાર સુધી ટીમના પ્રયત્નોને બદલે વ્યક્તિગત પ્રતિભાની રમત રહી છે. ઈન્ડિયા બીની પ્રથમ ઈનિંગમાં સરફરાઝના નાના ભાઈ મુશીર ખાને શાનદાર ૧૮૧ રન બનાવ્યા અને પોતાની ટીમને ૩૨૧ રન સુધી પહોંચાડી હતી. આ યુવાને સચિન તેંડુલકરના રેકોર્ડને તોડીને દુલીપ ટ્રોફી ડેબ્યૂમાં ચોથો સૌથી વધુ વ્યક્તિગત સ્કોર બનાવી દીધો હતો. હવે બીજી ઈનિંગમાં રમતને આગળ લઈ જવાની જવાબદારી સરફરાઝ ખાન માથે હતી. સરફરાઝ ખાને ૩૬ બોલમાં ૪૬ રન બનાવ્યા હતા. આ દરમિયાન તેણે આકાશદીપની ઓવરમાં સતત પાંચ ચોગ્ગા ફટકાર્યા હતા. પ્રથમ બોલ ડોટ રમ્યા બાદ તેણે ઓવરના આગામી પાંચ બોલ પર એક પછી એક અનેક શાનદાર શોટ રમ્યા હતા. ઈન્ડિયા **B**ની બીજી ઈનિંગની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી કારણ કે યશસ્વી જયસ્વાલ અને મુશીર ખાન બંનેની વિકેટ સસ્તામાં ગુમાવી દીધી હતી. મુશીરે પ્રથમ દાવમાં શાનદાર સદી ફટકારી હતી. તે બીજી ઈનિંગમાં ૦ રન પર આઉટ થઈ ગયો હતો અને ટીમે ૨૨ રનમાં જ ૩ વિકેટ ગુમાવી દીધી હતી. ત્યારબાદ સરફરાઝે રિષભ પંત સાથે મળીને મેચને આગળ વધારવાની જવાબદારી સંભાળી હતી. રસપ્રદ વાત એ છે કે, બંને બેટ્સમેનો આક્રમક રમત દાખવી હતી અને બાઉન્ડ્રીની સાથે શરૂઆત કરી હતી. સરફરાઝ ખાસ કરીને આકાશ દીપ સામે એટેકિંગ મોડમાં હતો, તેણે પોતાના સ્ટ્રોક મેકિંગ અને આત્મવિશ્વાસપૂર્ણ શોટ્સ વડે દરેકનું દિલ જીતી લીધું હતું. બાંગ્લાદેશ ટેસ્ટ માટે ભારતીય ટીમની જાહેરાત દુલીપ ટ્રોફીના પ્રથમ રાઉન્ડ પછી થવા જઈ રહી છે, તેથી સરફરાઝે ટીમમાં પોતાની ઉપયોગીતા સાબિત કરવા માટે આ ઈનિંગ રમી છે. આ વર્ષની શરૂઆતમાં થયેલી ઈંગ્લેન્ડ શ્રેણી દરમિયાન તેને ભારતીય જર્સીમાં પ્રથમ વખત એક્સપોઝર મળ્યું હતું.

### પતિ સહિત ૬ લોકોની કરાઈ ધરપકડ

# મહિલાએ કર્યો છેડતીનો વિરોધ તો થાંભલા સાથે બાંધીને મરાયો માર

**મહિલાનો આરોપ છે કે પડોશમાં રહેતો તેનો ભત્રીજો રાજા નાથ ઘણા દિવસોથી તેની છેડતી કરી રહ્યો હતો**

કનૌજ, તા.૯

ઉત્તર પ્રદેશના કન્નૌજમાં એક વિચિત્ર કિસ્સો સામે આવ્યો છે. છેડતીનો વિરોધ કરવા પર એક મહિલાને માર મારવામાં આવ્યો છે.જેનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જો કે વીડિયો સામે આવતાની સાથે જ મહિલાની ફરિયાદના આધારે પોલીસે મહિલાના પતિ સહિત ૬ લોકોની ધરપકડ કરી છે.

ઘટના વિશેની મળતી માહિતી છે કે પાડોશમાં રહેતો ભત્રીજો રાજા નાથ ઘણા દિવસોથી વિશુનગઢ પોલીસ સ્ટેશન વિસ્તારના એક ગામમાં રહેતી એક મહિલાની છેડતી કરતો હતો. જ્યારે મહિલાએ તેનો વિરોધ કર્યો તો તેના પરિવારજનોએ પહેલા તેને માર માર્યો હતો. પછી તેનું માથું મુંડાવીને તેને ટાલ બનાવવામાં આવી હતી. જ્યારે મહિલાએ આ અંગે પોલીસમાં ફરિયાદ કરી તો તેના પતિએ તેના પરિવારના સભ્યો સાથે મળીને તેને થાંભલા સાથે બાંધી અને માર માર્યો.

પીડિત મહિલાએ પોલીસને આપેલી અરજીમાં જણાવવામાં આવ્યુ છે કે પાડોશમાં રહેતો તેનો ભત્રીજો રાજા નાથ ઘણા દિવસોથી તેની છેડતી કરી રહ્યો હતો.

તેણીએ વિરોધ કર્યો અને ફરિયાદ કરવા તેના ઘરે ગઈ ત્યારે તેના પરિવારના સભ્યોએ તેને બંધક બનાવીને માર માર્યો હતો. પછી તેના વાળ મુંડાવ્યા, જે પછી તેના પતિએ તેના પરિવારના સભ્યો સાથે મળીને તેને થાંભલા સાથે બાંધીને માર માર્યો હતો.

પોલીસ અધિક્ષક અમિત કુમાર આનંદે કહ્યું કે ૩ સપ્ટેમ્બરે બનેલી ઘટનાનો વીડિયો શુક્રવારે સામે આવ્યો છે. વાયરલ વીડિયોમાં એક મહિલાને વાળ બાંધીને મારવામાં આવી રહી છે. કહેવામાં આવી રહ્યું છે કે વાયરલ વીડિયોમાં મહિલાને મારનાર વ્યક્તિ અન્ય કોઈ નહીં પરંતુ મહિલાનો પતિ છે.

આ કેસમાં છ આરોપીઓની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### વિનેશ હરિયાણાની જુલાના બેઠક પરથી ચૂંટણી લડશે

# કુસ્તીબાજ વિનેશ ફોગાટ અને બજરંગ પૂનિયાની સક્રિય રાજનીતિમાં થઈ એન્ટ્રી

## વિનેશ હરિયાણા વિધાનસભા ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કોંગ્રેસમાં સામેલ થઈ હતી

નવી દિલ્હી, તા.૯

કુસ્તીબાજ વિનેશ ફોગાટ હરરિયાણા વિધાનસભા ચૂંટણી સમયે જ કોંગ્રેસમાં સામેલ થઈ ગઈ છે. કોંગ્રેસ વિનેશને જુલના વિધાનસભા બેઠક પરથી ટિકિટ આપશે જ્યારે બજરંગ પૂનિયા ચૂંટણી નહીં લડે. હરિયાણા વિધાનસભા ચૂંટણી અંગે કોંગ્રેસની ઈલેકશન કમિટીની બેઠક મળી હતી. અત્યાર સુધીમાં કૂલ ૭૧ સીટો પર નિર્ણય લેવાઈ ગયો છે. બજરંગ પૂનિયા ચૂંટણી નહીં લડે. જો કે અગાઉ એવી ચર્ચા હતી કે પૂનિયા બાદલી વિધાનસભા સીટથી ચૂંટણી લડી શકે છે. કારણ કે બજરંગ બાદલીથી આવે છે. પરંતુ હવે ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે કે તેઓ ચૂંટમી નહીં લડે માત્ર કોંગ્રેસ માટે પ્રચાર કરશે.

વિનેશ ફોગાટની વિધાનસભા ચૂંટણી લડવા અંગે હરિયાણા કોંગ્રેસના પ્રમુખ દીપક બાબરિયાએ કહ્યું કે મને લાગે છે કે તે જુલાનાથી ચૂંટણી લડશે તે નક્કી થઈ ગયું છે. વિધાનસભા ચૂંટણી લડી રહેલા સાંસદો અંગે તેમણે કહ્યું કે, કોઈપણ સાંસદને વિધાનસભા ચૂંટણી લડવાની મંજૂરી આપવામાં આવી નથી.

કુસ્તીબાજ વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયા કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને તેમના નિવાસસ્થાન ૧૦, રાજાજી માર્ગ પર મળ્યા હતા. આ પછી, તેઓ છૈંઝ્રઝ્ર મુખ્યાલયમાં કોંગ્રેસ મહાસચિવ પ્રભારી સંગઠન કેસી વેણુગોપાલ, છૈંઝ્રઝ્ર મહાસચિવ પ્રભારી હરિયાણા દીપક બાબરિયા, હરિયાણા કોંગ્રેસના વડા ઉદય ભાન અને કોંગ્રેસના મીડિયા અને પ્રચાર વિભાગના વડા પવન ખેડાની હાજરીમાં કોંગ્રેસમાં જોડાયા.

કોંગ્રેસમાં જોડાયા પછી, વિનેશ ફોગાટે કહ્યું હતું કે બીજેપી બ્રિજભૂષણ શરણ સિંહને સમર્થન આપી રહી છે, જ્યારે કોંગ્રેસે વિરોધ કરી રહેલા કુસ્તીબાજોને સમર્થન આપ્યું હતું જ્યારે તેઓને દિલ્હીમાં "સડકો પર ખેંચવામાં આવ્યા હતા". તેણે કહ્યું કે હું દેશના લોકો અને મીડિયાનો આભાર માનું છું, તમે મારી કુશ્તી યાત્રા દરમિયાન મને સાથ આપ્યો. હું કોંગ્રેસ પાર્ટીનો આભાર માનું છું, મુશ્કેલ સમય તમને જણાવે છે કે તમારી સાથે કોણ છે. ધરણા દરમિયાન જ્યારે અમને રસ્તા પર ઘસેડવામાં આવ્યા ત્યારે ભાજપ સિવાય તમામ પક્ષો અમારી સાથે ઉભા હતા. હું એક નવી ઈનિંગ શરૂ કરી રહ્યો છું, હું ઈચ્છું છું કે ખેલાડીઓએ અમારે જેમાંથી પસાર થવું પડ્યું તે સહન ન કરવું પડે. તેમણે કહ્યું કે અમે ગભરાઈશું નહીં અને પાછળ હટીશું નહીં. અમારો કોર્ટ કેસ ચાલી રહ્યો છે, અમે તે પણ જીતીશું.



ખરેખર તો દેશના નેતાઓનો ગુણોત્સવ યોજવો જોઈએ !



આ ભેળસેળીયા ઘી વાળા લાડુ ન આરોગતા પ્રભુ, આરોગ્યની સમસ્યા થશે !



બહાર વિરોધ પક્ષ વાળા મારો વિરોધ કરે છે અને ઘરમાં તું !

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# ઈમરજન્સી ફિલ્મનો નાહકનો વિરોધ

કંગના રાણાવત ફરીથી ચર્ચા અને વિવાદમાં છે. આ વખતે તેનું કારણ છે તેની ફિલ્મ ઈમરજન્સી, જે ઈન્દિરા ગાંધી પર કેન્દ્રિત છે. આ ફિલ્મને લઈને પેદા થયેલ વિવાદને કારણે છ સપ્ટેમ્બરે તેની રિલીઝ ટળી ગઈ છે. એવું એટલા માટે થયું, કારણ કે સેન્સર બોર્ડે ફિલ્મને પ્રમાણ પત્ર જારી કરવા માટે થોડો વધુ સમય માગી લીધો છે. એના પર કંગનાએ પોતાની નિરાશા વ્યક્ત કરી છે. તેની ફિલ્મની રિલીઝ પર રોક લગાવતી એક અરજી પંજાબ અને હરિયાણા ઉચ્ચ ન્યાયાલયમાં દાખલ કરાઈ ચૂકી છે અને એક જબલપુર ઉચ્ચ ન્યાયાલયમાં. આવનાર દિવસોમાં એવી કેટલીક બીજી અરજીઓ દાખલ થાય તો આશ્ચર્ય નહીં.

કોઈ ફિલ્મની રિલીઝ પર રોક લગાવવા માટે અદાલતનો દરવાજો ખટખટાવવો કશું ખોટું નથી. એવું કેટલીય ફિલ્મો મામલે થઈ ચૂક્યું છે. તેમાં પણ કશું ખોટું નથી કે કોઈ ફિલ્મથી નારાજ લોકો તેનો લોકતાંત્રિક રીતે વિરોધ કરે કે પછી ઈન્ટરનેટ મીડિયા પર તેને ન જોવાનું અભિયાન ચલાવે, જેવું કે ફિલ્મ લાલસિંહ ચઢ્ઢા મામલે જોવા મળ્યું હતું અને હાલમાં રિલીઝ વેબ સિરીઝ આઈસી-૮૧૪ને લઈને થઈ રહ્યું છે. એવું ભારતમાં જ નહીં દુનિયાના અન્ય દેશોમાં પણ થાય છે. હાલમાં મલયાલમ ભાષાની ચર્ચિત ફિલ્મ આડુજીવિતમ-ધ ગોટ લાઈફનો ખાડીના દેશો અને વિશેષ રૂપે સઉદી અરબમાં વિરોધ થઈ રહ્યો છે. વિરોધ એટલા માટે થઈ રહ્યો છે, કારણ કે તેમાં કેરળના મોહંમદ નજબીની રૂંવાડાં ઊભાં કરી દેનારી આપવીતીનું ચિત્રણ કરાયું છે, જેને સઉદી અરબમાં ગુલામની જેમ રાખવામાં આવ્યો હતો. સઉદી અરબના કેટલાય લોકો કહી રહ્યા છે કે આ ફિલ્મ તેમના દેશની ખોટી છબિ દેખાડે છે. તેઓ એવું ફિલ્મ જોયા બાદ કહી રહ્યા છે. ત્યારબાદ પણ ખાડી દેશોએ આ ફિલ્મને પ્રતિબંધિત નથી કરી. ભારતમાં લોકો ફિલ્મ ઈમરજન્સીને જોયા વગર જ તેને પ્રતિબંધ કરવાની જ નહીં, પરંતુ કંગનાને જાહેરમાં માફી માગવાની સાથે જ તેની ધરપકડની પણ માંગ થઈ રહી છે! આ માંગ કરનારા લોકોમાં જય સંવિધાનના રાગડા તાણનારા લોકો પણ સામેલ છે. એનાથી વિચિત્ર બીજું કશું ન હોય કે કોઈને ફિલ્મ બનાવવાના 'અપરાધ'માં ધરપકડ કરવાની માંગ કરવામાં આવે અને તે પણ ત્યારે, જ્યારે ફિલ્મ રિલીઝ ન થઈ હોય. કંગનાની ફિલ્મનો વિરોધ કેટલાંય શીખ સંગઠનો કરી રહ્યાં છે. તેમાં શીખ ગુરુદ્વારા પ્રબંધક કમિટી એટલે કે એસજીસીપી પણ છે. પંજાબ અને કેટલાક રાજ્યોમાં આ ફિલ્મ પર પ્રતિબંધ લગાવવાની માંગને લઈને પ્રદર્શન થઈ ચૂક્યાં છે.

શીખ સંગઠનોનું કહેવું છે કે ફિલ્મમાં શીખોનું ખોટું ચિત્રણ કરવામાં આવ્યું છે, પરંતુ આખરે કઈ રીતે? આ પ્રશ્નનો જવાબ કોઈની પાસે નથી, કારણ કે જેઓ વિરોધ કરી રહ્યા છે, તેમણે ફિલ્મ જોઈ જ નથી, કારણ કે ફિલ્મ હજુ રિલીઝ થઈ જ નથી! જે જોવા મળ્યું છે તે છે માત્ર ફિલ્મનું ટ્રેલર. ૨ મિનિટ ૫૩ સેકન્ડના આ ટ્રેલરમાં થોડી સેકન્ડ માટે ભિંડરાનવાલેને એમ કહેતાં દેખાડાયો છે કે, 'તમારી પાર્ટી (કોંગ્રેસ)ને વોટ જોઈએ અને મારે જોઈએ ખાલિસ્તાન.' શીખ સંગઠનોનું કહેવું છે કે ભિંડરાનવાલેએ એવું ક્યારેય નથી કહ્યું. બની શકે કે તે સાચું હોય, કારણ કે જ્યારે પણ ભિંડરાનવાલેને પૂછવામાં આવ્યું કે શું તે ખાલિસ્તાન ઈચ્છે છે? તો તેનો જવાબ રહેતો, 'હું નથી માંગતો, પરંતુ બીબી (ઈન્દિરા ગાંધી) આપશે તો લઈ લઈશ.' તેનો એ મતલબ નથી કે ભિંડરાનવાલેને ખાલિસ્તાન સાથે કોઈ લેવાદેવા જ નહોતી. જો ભિંડરાનવાલેને ખાલિસ્તાન સાથે કોઈ લેવાદેવા ન હોય તો દુનિયાભરના ખાલિસ્તાન સમર્થક તેનાં પોસ્ટર લહેરાવીને તેના ગુણગાન શું કામ ગાય છે? શું આ એ જ ખાલિસ્તાની નથી, જેઓ કેનેડા, બ્રિટન અને અમેરિકા વગેરેમાં ભિંડરાનવાલેનાં પોસ્ટર લઈને રાષ્ટ્રીય ધ્વજને બાળે-ફાડે-કચડે છે?

ફિલ્મ ઈમરજન્સીના ટ્રેલરમાં થોડી સેકન્ડનું બીજું એક દૃશ્ય છે, જેમાં શીખ વેશમાં બંદૂકધારી લોકો પર અંધાધૂંધ ગોળીઓ વરસાવતા દેખાઈ રહ્યા છે. જો કોઈને એના પર પણ વાંધો હોય તો એ તો હાસ્યાસ્પદ છે. આખી દુનિયા જાણે છે કે ખાલિસ્તાની આતંકીઓએ પંજાબમાં હજારો લોકોને માર્યા. ક્યાંક કંગના રાણાવતની ફિલ્મનો વિરોધ એટલા માટે તો નથી કરાતો કે ખાલિસ્તાની આતંકીઓનાં કરતૂતો પર પડદો પડી રહે? એ ધ્યાન રહે કે ૧૯૮૪ના શીખ વિરોધી રમખાણોની તો ખૂબ ચર્ચા થાય છે અને યોગ્ય રીતે જ થાય છે, પરંતુ ખાલિસ્તાની આતંકીઓના હાથે પંજાબમાં જે હજારો હિંદુ-શીખ માર્યા ગયા તેની ચર્ચા ક્યારેય નથી થતી! શીખ સંગઠનોનો તર્ક છે કે કંગનાની ફિલ્મ ભાઈચારો બગાડશે. ગજબ તો એ છે કે આવું એ લોકો પણ કહી રહ્યા છે, જેઓ ભિંડરાનવાલે સહિત અન્ય ખાલિસ્તાની આતંકીઓનું મહિમામંડન કરવાનો કોઈ મોકો નથી છોડતા. આખરે ખાલિસ્તાની આતંકીઓના ગુણગાન કરતી વખતે આ સંગઠનોને ભાઈચારાની ચિંતા કેમ નથી થતી?

કોઈ પણ કોઈ ફિલ્મ સાથે અસહમત થઈ શકે છે, પરંતુ એ વાહિયાતપણું છે કે તેના વિષયવસ્તુ સાથે પરિચિત થયા અને તેને જોયા વિના તેનો વિરોધ કરવામાં આવે. એનાથી પણ ખરાબ વાત એ છે કે ફિલ્મની રિલીઝ રોકવા મટો ધમકીઓનો સહારો લેવો અને સેન્સર બોર્ડ અને સરકારને ચેતવવી. સરકારે એ સુનિશ્ચિત કરવું પડશે કે કોઈપણ સંગઠન સમાનાંતર સેન્સર બોર્ડ ન બની જાય.

## જૂનાગઢમાં ઓસ્ટીન એન્જીનીયરીંગ કામદાર સોશ્યલ ગ્રુપ દ્વારા વિદ્યાર્થીઓ અને આગેવાનોનું સન્માન કરાયું



જૂનાગઢ તા.૯

જુનાગઢ મેડિકલ હોલમાં ઓસ્ટીન એન્જિનિયરિંગ કામદાર સોશ્યલ ગ્રુપ દ્વારા ૨૦માં વિદ્યાર્થીઓનુ અને આગેવાનોનુ સંન્માન કાર્યક્રમ અંતર્ગત અતિથિ વિશેષ સીટુના અરૂણભાઈ મેહતા, બટુકભાઈ મકવાણા, જીસાનભાઈ એડવોકેટ, બશીરૂદ્રીન અન્સારી, આયશાબેન કાઠી, મહિલા સંઘ નિલોફર સુમરા, એસએફઆઈ આંગડિયાવાડી કર્મચારી યુનિયન ગુજરાત મહામંત્રી કૈલાસબેન, માજી સરપંચ સમજુભાઈ સોલંકી, કે.કે.ચાવડા, કે.ડી. સગારકા, સોહિલભાઈ સિદીકી સહિત વિવિધ સંસ્થાઓના આગેવાનોને હાજરી આપી હતી. ગૃપના સલીમભાઈ ઠેબા, મેરામણભાઈ ઓડેદરા, દિપકભાઈ ઠાકર, મગનભાઈ ભારથી સહિતના આગેવાનોએ સંચાલિત કાર્યની વ્યવસ્થા નિભાવી હતી.

## એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકે યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સની સાથે વ્યૂહાત્મક સહભાગીદારી કરી




(પ્રતિનીધી દ્વારા)
મુંબઈ તા.૯

ભારતની સૌથી મોટી સ્મોલ ફાઈનાન્સ બેંક એયુ સ્મોલ ફાઈનાન્સ બેંક (એયુ એસએફબી) અને અગ્રણી પબ્લિક સેક્ટર જનરલ ઈન્શ્યોરન્સ કંપની યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપની (યુઆઈઆઈસી)એ એયુ એસએફબીના ગ્રાહકોને જનરલ ઈન્શ્યોરન્સના વ્યાપક ઉકેલો પૂરાં પાડવા માટે વ્યૂહાત્મક સહભાગીદારી કરવાની જાહેરાત કરી છે. તેમાં મોટર વીમો, વ્યક્તિગત અકસ્માત વીમો, પાકનો વીમો, સંપત્તિનો વીમો, દુકાનદાર માટેનો વીમો, સાઈબર ઈન્સિડેન્ટ વીમાનો સમાવેશ થાય છે.

આજે એયુ એસએફબી અને યુઆઈઆઈસીએ ઔપચારિક રીતે વ્યૂહાત્મક ગઠબંધનનો કરાર કર્યો છે, જે તેમની સહયોગાત્મક વિકાસયાત્રાનું એક નોંધપાત્ર સીમાચિહ્ન છે. એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ડેપ્યુટી સીઈઓ શ્રી ઉત્તમ તિબ્રેવાલ અને યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી ભૂપેશ સુશીલ રાહુલ દ્વારા આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યાં હતાં. આ સહભાગીદારી એયુ એસએફબીના 'ફોરએવર બેંક'ના વિઝનને સાકાર કરવાની દિશામાં લેવામાં આવેલું એક અર્થપૂર્ણ પગલું છે, જેનો ઉદ્દેશ્ય સમગ્ર દેશમાં વ્યાપક નાણાકીય ઉકેલો પૂરો પાડવાનો છે.

આ સહભાગીદારીને પગલે એયુ એસએફબી ૨૧ રાજ્યો અને ૪ કેન્દ્રશાસિત પ્રદેશોમાં ગ્રાહકોના વૈવિધ્યસભર બેઝ માટે એક પસંદગીનો વિકલ્પ બની રહેશે, જે તેમને વિશ્વસનીય અને પરવડે તેવા જનરલ ઈન્શ્યોરન્સ ઉકેલો પૂરાં પાડશે. આ સહભાગીદારી યુઆઈઆઈસીના ૧૦૦૦ ટીયર ૨ અને ટીયર ૩ સ્થળોએ આવેલી શાખાઓના વ્યાપક નેટવર્કનો લાભ ઉઠાવે છે, જે એયુ એસએફબીના વિસ્તરી રહેલા આંતરમાળખાં અને ગ્રાહકોના વિકસી રહેલા પોર્ટફોલિયોને અનુરૂપ છે.

હાલમાં જ રીઝર્વ બેંક ઑફ ઈન્ડિયા (આરબીઆઈ) સમક્ષ યુનિવર્સલ બેંકિંગ લાઈસેન્સ માટે અરજી કરનારી એયુ એસએફબી તેના તમામ સેગમેન્ટોના ૧ કરોડથી વધારે ગ્રાહકોને નવા, ટેકનોલોજીથી સક્ષમ વીમા ઉકેલો પૂરાં પાડવા તેના બેંકેશ્યોરન્સ પોર્ટફોલિયોને વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરી રહી છે. આ વ્યૂહાત્મક ભાગીદારી કરીને

એયુ એસએફબીએ તેના 'વિકસિત ભારત'ના લક્ષ્યોની સાથે સુસંગત રહીને વિવિધ બિઝનેસ સમુદાયો અને વંચિત વિસ્તારોમાં પોતાની સેવાઓ પૂરી પાડવાની પોતાની કટિબદ્ધતાને મજબૂત બનાવી છે.

આ નોંધપાત્ર કરાર કરવાના પ્રસંગે એયુ સ્મોલ ફાઈનાન્સ બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ડેપ્યુટી સીઈઓ શ્રી ઉત્તમ તિબ્રેવાલે જણાવ્યું હતું કે, 'અમે ખૂબ જ સમૃદ્ધ વારસો અને સમગ્ર ભારતમાં વ્યાપક નેટવર્ક ધરાવનારી ખ્યાતનામ પીએસયુ વીમા કંપની યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ કંપનીની સાથે સહભાગીદારી કરીને ખૂબ જ ખુશ છીએ. બે સક્ષમ સંસ્થાઓની સંયુક્ત કુશળતા સમગ્ર દેશમાં ફેલાયેલા એયુ એસએફબીના ગ્રાહકોને પારદર્શક અને વ્યક્તિગત બેંકિંગ ઉકેલો પૂરાં પાડવામાં મદદરૂપ થશે. અમારી આ સહભાગીદારી રીટેઈલ અને એસએમઈ સેગમેન્ટ્સમાં પરવડે તેવા અને રિસ્ક-અંડરરિટન ઉત્પાદનો પૂરાં પાડીને 'વંચિતોને પ્રાથમિકતા' આપવાના અમારા પ્રયાસોની દિશામાં એકસાથે માંડવામાં આવેલું પગરણ છે.'

આ સહભાગીદારી અંગે વાત કરતાં યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સના ચેરમેન કમ મેનેજિંગ ડિરેક્ટર શ્રી ભૂપેશ સુશીલ રાહુલ અને જનરલ મેનેજર શ્રી એચ. આર. ગંગવાલે જણાવ્યું હતું કે, 'આ સહભાગીદારીને પરિણામે અમારા ખૂબ જ મૂલ્યવાન અને નવીન પ્રકારના જનરલ ઈન્શ્યોરન્સ ઉત્પાદનો એયુ એસએફબીના ૨,૪૧૪ ટચપોઈન્ટ્સ ખાતે ગ્રાહકોના નોંધપાત્ર રીતે વ્યાપક બેઝને ઉપલબ્ધ થઈ શકશે. ટોચના ટિયરથી સમર્થિત નવા યુગની સેવાઓ અને ડિજિટલ ફર્સ્ટના અમારા અભિગમ દ્વારા અમે અમારા ગ્રાહકોને સંરક્ષણના વ્યાપક લક્ષ્યોને હાંસલ કરવામાં મદદરૂપ થવા માટે સુસજ્જ છીએ. મને વિશ્વાસ છે કે, 'કસ્ટમર ફર્સ્ટ'નું અમારું સંયુક્ત વચન અમને લાંબા અંતર સુધી સાથે લઈ જશે અને એક અમારી સહભાગીદારીને સફળ બનાવશે, કારણ કે અમે ભેગા મળીને ઘણાં લોકોના લક્ષ્યોને શક્ય બનાવીએ છીએ.'

## ખંભાળિયાની એનિમલ કેર સંસ્થા દ્વારા ૧૯૬૨ને સેવા-સહકાર

(પ્રતિનિધિ દ્વારા)
જામ ખંભાળિયા તા.૯

સરકાર દ્વારા પશુ સેવા માટે કાર્યરત એમ્બ્યુલન્સ ૧૯૬૨નો સંપૂર્ણ રીતે સદઉપયોગ કરીને સમગ્ર સૌરાષ્ટ્રમાં અવલ ક્રમે સેવા આપનાર ખંભાળિયાની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટને કરૂણા એનિમલ હેલ્પ લાઈન જી.વી.કે.(GVK) પ્રમાણ પત્ર મળ્યું છે. ખંભાળિયાની જાણીતી પશુ સેવા સંસ્થા એનિમલ કેર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા થતી સેવાકીય પ્રવૃતિઓની સરકારે નોંધ લીધી છે.

## દ્વારકા શારદાપીઠ ખાતે બ્રહ્મલીન શંકરાચાર્ય સ્વરૂપાનંદજીના ૧૦૧માં જન્મોત્સવની પરંપરાગત ઉજવણી કરાઈ : જગતમંદિરે ધ્વજારોહણ



(પ્રતિનિધિ દ્વારા) દ્વારકા તા.૯

દ્વારકા શારદાપીઠ ખાતે પૂજ્યપાદ અનંત શ્રી વિભૂષિત જ્યોતિષ્પીઠાધીશ્વર એવં દ્વારકા શારદાપીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય બ્રહ્મલીન સ્વામી સ્વરૂપાનંદ સરસ્વતીજી મહારાજનો ૧૦૧માં જન્મોત્સવની પરંપરાગત ઉજવણી કરવામાં આવી હતી. શારદાપીઠના વર્તમાન શંકરાચાર્ય સદાનંદ સરસ્વતીજી મહારાજ તેમજ બ્રહ્મચારી નારાયણનંદજીના માર્ગદર્શન હેઠળ ઉજવાયેલા પાવન જન્મોત્સવ માં ભગવાન શ્રી ચંદ્રમૌલીશ્વર રૂદ્રાભિષેક, દ્વારકાધીશજીની ધ્વજાજીનું પૂજન તથા નૂતન ધ્વજારોહણ, પૂજ્યપાદ જગદગુરૂ શંકરાચાર્યજીની પાદુકાનું પૂજન, આશીર્વચન એવમ ભોજન પ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. જેમાં બહોળી સંખ્યામાં સનતાન ધર્માનુરાગીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ખંભાળિયાના આહીર સિંહણ ગામ નજીક પહેડી મહોત્સવ



(પ્રતિનિધિ દ્વારા) જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયા તાલુકાના આહિર સિંહણ રોડ ઉપર બિરાજતા શ્રી સંઘાયડા વાળા જખદાદા શ્રી જખ બૌતેરા પહેડી સમિતિ દ્વારા આજે સોમવાર તારીખ ૯ ના રોજ પહેડી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં સવારે ૭ વાગ્યે મહા આરતી કરવામાં આવી હતી. ૧૦ વાગ્યે ધ્વજારોહણ તેમજ ૧૨ વાગ્યે પ્રસાદીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સર્વે સૌરાષ્ટ્ર કચ્છ વાગડના ક્ષત્રિય સંઘાર સમાજના જ્ઞાતિજનોએ દર્શન તેમજ પ્રભુ પ્રસાદીનો લાભ લીધો હતો.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

વિશ્વાસનો અભાવ એ અજ્ઞાનતા છે.

- સ્વામિ રામતિર્થ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ફરવરદીન-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, ભાદરવા સુદ-૬ સૂર્ય ષષ્ઠી, ચંપા ષષ્ઠી, ભગવાન શ્રી બલરામ જયંતિ, કાર્તિક સ્વામી દર્શન તા.૯ સપ્ટેમ્બર ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૬, મુસ્લિમ તા.૫, વિશાખા નક્ષત્ર, વૈધૃતિ યોગ, કૌલવ કરણ, સૂ.ઉ.૬:૩૬, સૂ.અ.૭:૦૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન ય) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

### તા. ૦૯-૦૯-૨૦૨૪ થી ૧૫-૦૯-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમ્યાન સંબંધો મજબુત બનતા અનુભવાય. નાણાંકીય રોકાણનું શુભ ફળ પ્રાપ્ત કરી શકશો. કોઈ વિશિષ્ટ મૂલ્યવાન વસ્તુની ખરીદી થાય અથવા પ્રાપ્તિ થાય, આર્થિક ક્ષેત્રે મિશ્ર ફળદાયી સમય છે. તેમ છતાં તમને મહેનતના પ્રમાણમાં સારોએવો નાણાંકીય લાભ મળી રહે, અગત્યના કાર્યમાં વિલંબ બાદ સફળતા મળે પરંતુ મિલન-મુલાકાતમાં અણધારી સફળતા મેળવશો.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન તમે તેમારી પ્રવૃત્તિઓમાં આગળ વધી શકશો. દ્રઢ મનોબળ અને મક્કમતાથી મળતા ઉત્સાહ વધે. આ સમય દરમિયાન કોઈપણ પ્રકારના સાહસમાં નાણાં ન રોકવા હિતાવહ. નુક્શાની અને વ્યયના યોગ છે. શેર-સટ્ટાથી દૂર રહેવું, નોકરીમાં સફળતા મળે. જીવનસાથી સાથે લાગણીનું ઘર્ષણ થાય. પરંતુ મનને શાંત રાખવા કોશિષ કરવી અને ધીરજથી કામ લેવું. અકસ્માતથી સાચવવું, તબિયત એકંદરે સારી રહે.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**

ભૌતિક કાર્યમાં મિશ્ર પરીણામો પ્રાપ્ત કરી શકશો. મનમાં ચંચળતા રહેશે તેથી અગત્યના કાર્યોમાં નહીંવત સફળતા મળે તેવો સંભવ છે. જામીનગીરી જેવા કાર્યોથી દૂર રહેવું. વાણી ઘર્ષણ ટાળવો, નાણાંનો લાભ રોકી શકવામાં નિષ્ફળ રહે. પારિવારીક સુખમાં ઓટ આવેલી અનુભવાય. અલબત્ત જીવનસાથી તરફથી વિશેષ લાગણી પ્રાપ્ત કરી શકશો. ખોવાયેલી વસ્તુ અચાનક મળી જવા સંભવ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**

આ સપ્તાહ દરમિયાન કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વ્યસ્ત રહેવાય. સફળતા માટે મહેનત વધારવી અનિવાર્ય છે, ધીરજપૂર્વક કાર્ય કરવો હિતાવહ. આવક-જાવકનું પાસુ આ સમય દરમિયાન સરભર રહે. સાસરાપક્ષ તરફથી નાનો લાભ મળે. ભાઈ-બહેનના કાર્યમાં સફળતા મળે. આધ્યાત્મિક ક્ષેત્રે આ સમય દરમિયાન અભિરૂચી વધે.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**

આ સમય દરમિયાન પ્રવૃત્તિ ઉપર નિયંત્રણ રાખવો જરૂરી બને અન્યથા નુક્શાની ભોગવવી પડે. પારિવારીક સુરક્ષા માટે જાગ્રુતિ કેળવવી હિતાવહ છે. વિરોધી વર્ગ પ્રબળ બને. કાર્યબોજમાં વધારો થાય, આર્થિક સમસ્યા હળવી બને પરંતુ નાણાંકીય રોકાણ ટાળવું હિતાવહ. પ્રવાસ-મુસાફરીના યોગ નકારી શકાય નહીં. જૂના રોકાયેલા નાણાં છૂટા થાય. માનસિક તનાવમાંથી સપ્તાહના અંતે મૂક્ત થઈ શકશો.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**

આ સમય દરમિયાન નોકરીયાત વર્ગને અધિકારી વર્ગ સાથે વાદ-વિવાદ થાય. ધંધાદારી વર્ગને સમસ્યા રહે. રચનાત્મક કાર્યમાં પ્રગત્તિ થાય.જીવનસાથી સાથે મતભેદ રહે. નવિન ઓળખાણ લાભદાયી નીવડે. પારિવારીક કાર્યમાં વ્યસ્ત રહેવાય. સ્વજનથી મનદુઃખ રહે. ધાર્મિક કાર્યમાં ધન વપરાય.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**

આ સપ્તાહ દરમિયાન વિરોધી વર્ગથી સાવધ રહેવું.

વિશ્વાસે વહાણ ન

ચલાવવું હિતાવહ. વાણી સંયમ જાળવવું અનો કાર્યક્ષેત્રમાં રહેવું.

જમીન-જાયદાદને લગતા કાર્યમાં સફળતા મળતી જણાય. જીવનસાથી સાથે સમસ્યા ટળી શકશે.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**

આ સપ્તાહ દરમિયાન વ્યવસાયિક લાભના પ્રયાસોમાં સફળતા મેળવી શકશો. જીવનસાથીના આરોગ્ય અંગે સાવચેતી રાખવી. મનમાં પ્રસન્નતા રહે. નાણાંકીય સંજોગો સુધરતા જણાય. ધીરજપૂર્વક કાર્ય કરતા રહેવાથી સફળતા મેળવી શકશો. સંતાન સંબંધી કાર્યમાં સફળતા મેળવી શકશો. વ્યર્થ પરેશાનીમાંથી મૂક્તિ મળે. આત્મવિશ્વાસમાં વધારો થાય. મિત્ર-વર્તુળની મદદ મળે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**

આર્થિક ક્ષેત્રે પ્રગતિકારક સમય છે. મનની મનોકામના સિધ્ધ થાય. જૂના સંબંધો લાભ આપી જાય. કોઈ ગેરસમજના ભોગ ન બની જવાય તેની તકેદારી રાખજો. કોઈ સંકટ દૂર થાય. નવા કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકશો. સંતાન વર્ગ અંગે ચિંતા રહે. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. જીવનસાથી કે વડીલવર્ગના આરોગ્ય અંગે ચિંતા રહે. અનિચ્છનીય યાત્રા-મુસાફરી કરવી પડે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**

આ સપ્તાહ દરમિયાન પારિવારીક કાર્યમાં બોજો ઘટે. મનમાં પ્રફુલિતતા રહે. વડીલવર્ગની સાહસિક કાર્યમાં મદદ મેળવી શકશો. નવિન યોજનાના આયોજનમાં સ્નેહિજનોની મદદ મળે. જીવનસાથી તરફથી અગત્યના કાર્યોમાં સહયોગ પ્રાપ્ત કરી શકશો. સામાજિક ક્ષેત્રે કાર્યમાં પ્રબળતા રહે. મોસાળ પક્ષ તરફથી અનેરો લાભ થાય. નાણાંકિય પરિસ્થિતિમાં ધરખમ સુધારો થતો જોવા મળે.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**

આ સપ્તાહ દરમિયાન મહત્વની બાબતો અંગે માનસિક ટેન્શન જણાય. આમ, વિશ્વાસ ડગી જાય મનની મુરાદ બર ન આવે. જો કે, જીવનસાથી તરફથી ભરપૂર સહયોગ પ્રાપ્ત કરી શકશો. પારિવારીક કાર્યમાં અતિ વ્યસ્ત રહેવાય. અપયશના ભાગીદાર ન બનાય તેની સાવચેતી રાખશો. યાત્રા-પ્રવાસ દરમિયાન હાનિનો સંભવ છે જેથી બને તેટલી સાવચેતી રાખવી અન્યથા તેના ગંભીર પરીણામો ભોગવવા પડે.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**

આ સમય દરમિયાન મકાન-વાહન સંબંધિત ચિંતા દૂર થાય. સંપત્તિને લગતી સમસ્યાનો ઉકેલ મળે. પારિવારીક જવાબદારીમાં વધારો થતો જોવા મળે. તમારી અપેક્ષા પ્રમાણે આર્થિક લાભ મેળવી શકશો. નવા રોકાણ, નવા સાહસ, નવા કાર્યના પ્રારંભ કરવા માટે સાનુકૂળ સમય છે. ધાર્મિક કાર્યમાં મન પરોવાય. વિરોધીવર્ગ પ્રબળ બને પરંતુ તેને ધારી સફળતા ન મળે.

## ૧૨ થી ૧૮મી સપ્ટેમ્બર દરમ્યાન અંબાજી ભાદરવી પૂનમનો મેળો યોજાશે

અંબાજી, તા.૯

બનાસકાંઠા જિલ્લામાં આવેલા વિશ્વપ્રસિદ્ધ મા અંબેના ધામ અંબાજી ખાતે દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહામેળો યોજાય છે. જેમાં ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ પવિત્ર દિવસોમાં અંબાના દર્શનાર્થે પધારે છે. આ દરમિયાન આવતા શ્રદ્ધાળુઓની યાત્રા સુખદ અને યાદગાર બની રહે એ માટે રાજય સરકાર અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પ્રતિવર્ષ સંચારૂ આયોજન કરીને તમામ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે આગામી ૧૨મીથી ૧૮મી સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહા મેળા યોજાશે.

પ્રવાસન અને યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ અધ્યક્ષ સ્થાને મેળાના આયોજન અંગે બેઠક યોજાઈ હતી. મેળાના સુચારુ આગોતરા આયોજન માટે પ્રવાસન અને યાત્રાધામ સચિવ રાજેન્દ્રકુમારની અધ્યક્ષતામાં અંબાજી મંદિર હોલ ખાતે વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં બેઠક યોજાઈ હતી.

મેળા માટે બનાવાયેલી વિવિધ સમિતિઓએ કરવાની કામગીરીની સમીક્ષા કરી હતી. યાત્રાળુઓને મેળા સંબધિત તમામ પ્રકારની માહિતી મળી રહે માટે તૈયાર કરવામાં આવેલા એક્શન પ્લાન ક્યુઆર કોડનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંદિર વહીવટદાર કૌશિકભાઈ મોદી દ્વારા પ્રેઝન્ટેશન દ્વારા વિગતો અને માહિતી રજૂ કરાઈ હતી. પ્રવાસન અને યાત્રાધામ સચિવ સચિવ રાજેન્દ્રકુમારે જણાવ્યું હતું કે, 'વહીવટીતંત્ર દ્વારા કરાયેલી મેળાની તૈયારીઓનો લાભ છેવાડાના પદયાત્રી સુધી પહોંચે તે જરૂરી છે. દર વર્ષે ભાદરવી પૂનમના મહામેળામાં આવતા ભાવિક ભક્તો માટે વ્યવસ્થાઓ કરવામાં આવે છે.

આ વર્ષે પણ આ સુવિધાઓમાં વધારો કરીને યાત્રાળુઓને મેળા દરમિયાન સુખદ અનુભવ થાય એવા પ્રયાસો કરાશે. દર વર્ષે મેળાનો વ્યાપ વધતો જાય છે અને એ જ રીતે વિશેષ વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે.

ભાદરવી પૂનમના મહામેળામાં શ્રદ્ધાળુઓ માટે બસ વ્યવસ્થા, રોકાણ અને ભોજન વ્યવસ્થા, પાર્કિંગ, સ્વાસ્થ્ય સુવિધાઓ, સ્વચ્છતા, કાયદો-વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, લાઈટિંગ, મંદિરમાં દર્શન વ્યવસ્થા, સુરક્ષા-સલામતી, પ્રચાર-પ્રસાર સહિતની બાબતોનું ધ્યાન રાખવામાં આવશે.

### આજનું ભારત દસ વર્ષ પહેલા હતું તેવું નથી : ઉપરાષ્ટ્રપતિ

## રાષ્ટ્રવાદ સાથે સમાધાન કરવું એ રાષ્ટ્ર સાથે સૌથી મોટો વિશ્વાસઘાત છે

### ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે સૈનિક સ્કૂલના કેડેટ્સને કહ્યું, નિષ્ફળતા એ જ સફળતાનો પાયો છે

ગોરખપુર,તા.૯

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે આજે નાગરિકોને રાષ્ટ્રવાદ સાથે સમાધાન કરવા સામે ચેતવણી આપી હતી અને તેને "રાષ્ટ્ર સાથે અંતિમ વિશ્વાસઘાત" ગણાવ્યો હતો. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, "જ્યાં પણ કોઈ પણ રાષ્ટ્રની અખંડિતતાને જોખમમાં મૂકે છે, આપણે તેને સહન કરવું જોઈએ નહીં." રાષ્ટ્ર પ્રત્યેની ફરજને આપણે હંમેશાં સ્વાર્થ અને રાજકીય હિતથી ઉપર રાખવી જોઈએ તે બાબત પર પ્રકાશ પાડતા ઉપરાષ્ટ્રપતિએ ચેતવણી આપી હતી કે આમ કરવામાં નિષ્ફળતા એ ભારતની સભ્યતાની નૈતિકતા પર હુમલો કરવા સમાન છે, જે અનેક સહસ્ત્રાબ્દીઓ સુધી ફેલાયેલી છે.

આજે શનિવારે ઉત્તરપ્રદેશમાં સૈનિક સ્કૂલ ગોરખપુરના ઉદઘાટન પ્રસંગે મુખ્ય સંબોધન કરતાં ઉપરાષ્ટ્રપતિએ સૈનિક સ્કૂલ ચિત્તોડગઢના વિદ્યાર્થી તરીકેના પોતાના દિવસોને યાદ કર્યા હતા અને તેમની વ્યક્તિગત અને વ્યાવસાયિક સફરને આકાર આપવામાં તેમની અલ્મા મેટરની અસર પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું, "જ્યારે મારો જૈવિક જન્મ કિથાના ગામમાં હતો, ત્યારે મારો અસલી જન્મ સૈનિક સ્કૂલ ચિત્તોડગઢમાં થયો હતો." પરિવર્તનશીલ પરિવર્તનના કેન્દ્ર તરીકે શિક્ષણના મહત્વ પર ભાર મૂકતા ધનખરે વ્યક્તિને તેમના જીવન પર વધુ નિયંત્રણ આપવા, અને અસમાનતાઓનો નાશ કરવામાં અને સમાજમાં વ્યાપકપણે ગેરરીતિઓને દૂર કરવામાં શિક્ષણની શક્તિ પર પ્રકાશ પાડ્યો હતો. વૈશ્વિક મંચ પર આજે ભારતની વિશિષ્ટ ઓળખ તરફ ધ્યાન દોરતા ઉપરાષ્ટ્રપતિએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના "દેશને એ પથ પર અગ્રેસર કરવામાં" પ્રદાનને બિરદાવ્યું હતું, જેને સમગ્ર વિશ્વ ઓળખે છે. ધનખરે કહ્યું હતું કે, "આજનું ભારત દસ વર્ષ પહેલાં હતું તેવું નથી. "આર્ટિકલ ૩૭૦, જેને બંધારણના ઘડવૈયાઓએ કામચલાઉ ગણાવ્યું હતું, તેને કેટલાક લોકો દ્વારા કાયમી માનવામાં આવતું હતું. આ દાયકામાં તેને નાબૂદ કરી દેવામાં આવી છે. આ આજનું ભારત છે."

ગોરખપુરમાં નવી સૈનિક સ્કૂલની સ્થાપના પ્રસંગે તેમની પ્રશંસા કરતા ઉપરાષ્ટ્રપતિએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ શાળા ભાવિ પેઢીઓના વિકાસ માટે માર્ગ મોકળો કરશે. "તે અન્ય રાજ્યો માટે અને સમગ્ર દેશ માટે અનુકરણ કરવા માટે એક માપદંડ સ્થાપિત કરશે," ધનખરે વિસ્તૃત વર્ણન કર્યું હતું. ઉત્તરપ્રદેશ રાજ્ય દ્વારા શાસનમાં અને કાયદાના શાસનને જાળવવામાં નોંધપાત્ર પ્રગતિ પર ભાર મૂકતા ઉપરાષ્ટ્રપતિએ નોંધ્યું હતું કે, "દેશમાં વ્યાપ્ત વિકાસની લહેરમાં ઉત્તરપ્રદેશની ભાગીદારી રાષ્ટ્રનિર્માણમાં મોટું પ્રદાન છે."

કેડેટ્સને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ તેમના મનમાંથી ભય દૂર કરવા વિનંતી કરી હતી. ચંદ્રયાન-૩ની સફળતાનું નિર્માણ ચંદ્રયાન-૨માંથી મળેલા બોધપાઠ પર કેવી રીતે કરવામાં આવ્યું હતું તેનું વર્ણન કરતાં ધનખરે કહ્યું હતું કે, "નિષ્ફળતા એ સફળતાનો પાયો છે." તેમની મુલાકાત દરમિયાન જગદીપ ધનખર અને ડૉ. સુદેશ ધનખરે તેમની દિવંગત માતાઓ શ્રીમતી કેસરી દેવી અને શ્રીમતી ભગવતી દેવીની યાદમાં નવનિર્મિત સૈનિક સ્કૂલ ગોરખપુરના પરિસરમાં રોપાઓનું વાવેતર કર્યું હતું. તેઓએ પરિસરમાં શૂટિંગ રેન્જનું ઉદઘાટન પણ કર્યું હતું.

### આંદોલનમાં ભાગ લેવાના કારણે ગોળી મારી

## ઈઝરાયલના સૈનિકોએ અમેરિકાની મહિલાની હત્યા કરતા ભારે હડકંપ

### આ ઘટના બાદ અમેરિકાના પ્રમુખ જો બાઈડેન ભડકી શકે તેવી સંભાવના દર્શાવવામાં આવી રહી છે

જેરૂસામેલ, તા.૯

ઈઝરાયલ-હમાસ વચ્ચે લાંબા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. પરંતુ ઈઝરાયલના સૈનિકોએ મિત્ર દેશ અમેરિકના નાગરિકની હત્યા કરતા હડકંપ મચી ગયો છે. સેનાએ એક અમેરિકન મહિલાને પેલેસ્ટાઈનના તટ પર ગોળી મારી દીધી હતી. આ ઘટના બાદ અમેરિકન પ્રમુખ જો બાઈડેન ભડકી શકે તેવી સંભાવના દર્શાવવામાં આવી રહી છે. પરંતુ સવાલ એ છે કે, આખરે ઈઝરાયલના સૈનિકોએ આ મહિલાને કેમ મારી?

મળતી માહિતી મુજબ, ઈઝરાયલ સૈનિકોની ગોળીનો શિકાર બનેલી અમેરિકન મહિલા પેલેસ્ટાઈનના પશ્ચિમી તટ પર વસાહતોના વિરોધમાં આયોજીત પ્રદર્શનમાં સામેલ હતી. ઈઝરાયલ સૈનિકોએ આ આંદોલનમાં ભાગ લેવાના કારણે અમેરિકન મહિલાને ગોળી મારી હત્યા કરી હતી. અમેરિકાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મૈથ્યુ મિલરે તુર્કીમાં જન્મેલી ૨૬ વર્ષની આયસેનુર એજગી ઈગીના મોતની પુષ્ટિ કરી છે. પરંતુ, તેઓએ જણાવ્યું નથી કે, મહિલાને ઈઝરાયલના સૈનિકોએ ગોળી મારી છે કે નહીં. વ્હાઈટ હાઉસના એક નિવેદનમાં કહેવામાં આવ્યું કે, 'અમે અમેરિકન નાગરિકની હત્યાથી ખૂબ પરેશાન છે.'

તુર્કીના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઓનકૂ કેલેસીએ કહ્યું- 'ઈગી તુર્કીની પણ નાગરિક હતી. નેતન્યાહૂ સરકાર દ્વારા કરવામાં આવેલી આ હત્યાની અમે નિંદા કરીએ છીએ. અમે તેની હત્યા કરનારને ન્યાયના કઠઘરામાં લાવવાના તમામ પ્રયત્ન કરીશું.'

આ સમગ્ર મામલે ઈઝરાયલની સેનાએ કહ્યું કે, 'સૈનિકોએ વિરોધ પ્રદર્શન ક્ષેત્રમાં હિંસક ગતિવિધિઓ ભડકાવનાર પર ગોળીબાર કરતી વખતે વિદેશી નાગરિકની હત્યાના સમાચારની અમે તપાસ કરી રહ્યાં છીએ. અમને માહિતી મળી છે કે, ગોળી લાગવાથી જે વ્યક્તિની મોત થઈ છે તેણે વસાહત વિસ્તારની સામે સાપ્તાહિક પ્રદર્શનમાં ભાગ લીધો હતો.' પ્રદર્શનમાં સામેલ ઈઝરાયલના નાગરિક જોનાથન પોલાકે કહ્યું કે, 'જ્યારે પેલેસ્ટાઈન અને આંતરરાષ્ટ્રીય કાર્યકર્તાઓ ઉત્તર-પશ્ચિમના તટથી બેઈતા શહેરની પહાડી પર સામુહિક પ્રાર્થના કરતાં હતાં, ત્યારે ઈઝરાયલ સૈનિકો દ્વારા આ ગોળીબાર કરવામાં આવ્યો હતો.' ઘટનાસ્થળે હાજર મહિલાનો પ્રાથમિક ઉપચાર કરનાર ડૉ. વાર્ડ વસાત અને નજીકના રાફિદિયા હોસ્પિટલન ના ડિરેક્ટર ડૉ. ફૌદ નફ્ફાએ જણાવ્યું કે, મહિલાના માથામાં ગોળી મારવામાં આવી હતી. વર્ષ ૨૦૦૦ બાદથી ઈન્ટરનેશનલ સોલિડેરિટી મૂવમેન્ટ (ISM) માં મોતને ભેટેલી ઈગી ત્રીજી કાર્યકર્તા છે.

ISM કાર્યકર્તા અવાર-નવાર ઈઝરાયલની સેના અને પેલેસ્ટાઈનની વચ્ચે ઊભા રહીને ઈઝરાયલની સેનાના અભિયાનને રોકવાનો પ્રયત્ન કરે છે. આ પહેલાં IMS ના બે કાર્યકર્તાઓ અમેરિકન રેચલ કૉરી અને ફોટોગ્રાફીના બ્રિટિશ વિદ્યાર્થી ટૉમ હુરંડલ ૨૦૦૩ માં ગાઝામાં મોતને ભેટ્યા હતાં.

આ પ્રદર્શન પહેલાં પણ હિંસક બની ગયું હતું. એક મહિના પહેલાં, અમેરિકન નાગરિક અમાદો સિસન વિરોધ પ્રદર્શનમાં આંસુ ગેસ અને ગોળીબારથી ભાગવાનો પ્રયત્ન કરતો હતો, ત્યારે ઈઝરાયલના સૈનિકોએ તેને ગોળી મારી દીધી હતી.

### ૧૫ સપ્ટેમ્બરે જીંદના ઉચાના કલાંમાં મહાપંચાયત

## હરિયાણા ચૂંટણીમાં ભાજપનું ટેન્શન વધારવાની તૈયારીમાં ખેડૂતો

### ખેડૂત નેતા અભિમન્યુ કોહાડે કહ્યું છે કે વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો જોરદાર વિરોધ કરવામાં આવશે

ચંદીગઢ, તા. ૯

હરિયાણા વિધાનસભા ચૂંટણીમાં ખેડૂત સંગઠનો ભાજપ સામે મુશ્કેલીઓ ઊભી કરી શકે છે. સોનીપતમાં સંયુક્ત કિસાન મોરચા બિન રાજકીય પક્ષના ખેડૂત નેતાઓ અને કાર્યકરોની બેઠક યોજાઈ. ૧૫ સપ્ટેમ્બરે જીંદના ઉચાના કલાંમાં ખેડૂતોએ મહાપંચાયત બોલાવી છે. ખેડૂત નેતા અભિમન્યુ કોહાડે ભાજપ સરકારને ચેતવણી આપી છે. તેમણે કહ્યું છે કે વિધાનસભા ચૂંટણીમાં ભાજપનો જોરદાર વિરોધ કરવામાં આવશે. ખેડૂત સંગઠનો કોઈપણ પક્ષ માટે મતોની અપીલ નહીં કરે.

તેમણે આગળ કહ્યું, "હરિયાણામાંથી ભાજપને સાફ કરવાનું કામ કરીશું. ખેડૂત મહાપંચાયતમાં દેશભરના મોટા ખેડૂત નેતાઓ એકત્રિત થશે. ખેડૂતો પર થયેલા લાઠીચાર્જ અને ખેડૂત આંદોલનમાં શહીદ થયેલા ખેડૂતોનો બદલો મતની ચોટથી લેવામાં આવશે." અભિમન્યુ કોહાડે પહેલવાન વિનેશ ફોગાટ અને બજરંગ પુનિયાની રાજકીય શરૂઆત અંગે પણ પોતાની પ્રતિક્રિયા આપી. તેમણે કહ્યું, "દેશના સ્ટાર પહેલવાનોને નવી શરૂઆત માટે ખૂબ ખૂબ અભિનંદન. બંનેએ અમારા આંદોલનમાં જે સહયોગ આપ્યો, તે ભૂલી શકાય તેવો નથી. અમે બિન રાજકીય પક્ષના નેતાઓ તેમના માટે મતની અપીલ નહીં કરીએ."

આ પહેલાં અભિમન્યુ કોહાડે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર લખ્યું, "મનમાં એક સવાલ છે કે રાજકારણમાં એવું શું રસ છે જેની સામે સમાજનો સમર્થન, સ્નેહ અને આશીર્વાદ પણ ફીકા પડી જાય છે? મનમાં આ સવાલ ઘણા સમયથી ચાલી રહ્યો હતો, વિચારતો હતો કે લખું કે ન લખું, પછી વિચાર્યું કે મનમાં આવેલી વાત વ્યક્ત કરવી જોઈએ તો લખી જ દીધું.

ખેડૂત નેતાએ ૫ સપ્ટેમ્બરે પણ એક પોસ્ટ લખી હતી, જેમાં તેમણે કહ્યું, "ખેડૂત-મજૂર ભાઈઓ, યાદ છે કે ભૂલી ગયા? વિચાર્યું કે એક વાર ફરી યાદ અપાવી દઉં કે ભાજપના નેતાઓએ કેવી રીતે ખેડૂતો, મજૂરો અને આંદોલનકારીઓનું અપમાન કરવાનું કામ કર્યું હતું. વિધાનસભા ચૂંટણીમાં આ તાનાશાહી અને નિરંકુશ લોકોનો વ્યાજ સાથે હિસાબ-કિતાબ કરવાનો છે." જણાવી દઈએ કે હરિયાણામાં ૫ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણી માટે એક જ તબક્કામાં મતદાન થશે, જ્યારે ૮ ઓક્ટોબરે મતોની ગણતરી કરવામાં આવશે.

### એડગર વિસ્કર પર સેકન્ડ-ડિગ્રી મર્ડરનો આરોપ

## કેનેડામાં રહેતા ભારતીય વિદ્યાર્થીની હત્યા કરી દેવાઈ

### ભારતથી વિદેશ જતા વિદ્યાર્થીઓ સાથે બનતી આવી ઘટનાઓને ગંભીરતાથી લેવા માંગ કરવામાં આવી

કેનેડા, તા.૯

કેનેડામાં ૨૨ વર્ષના શીખ યુવકની હત્યા ચોંકાવનારી ઘટના સામે આવી છે. અહેવાલો અનુસાર, આલબર્ટાના એડમોન્ટન પાર્કિંગમાં ૪ સપ્ટેમ્બરના રોજ તીક્ષ્ણ હથિયાર વડે જશનદીપ સિંહ માનની હત્યા કરવામાં આવી હતી. આ મામલે પોલીસે ૪૦ વર્ષીય એડગર વિસ્કર પર સેકન્ડ-ડિગ્રી મર્ડરનો આરોપ લગાવ્યો છે. આઠ મહિના પહેલા તે વિદ્યાર્થી તરીકે કેનેડા ગયો હતો. જશનદીપ પંજાબના માલેરકોટલાના બદલા ગામનો રહેવાસી હતો. પોલીસના જણાવ્યાનુસાર, 'હત્યામાં બોક્સ કટરનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. એવું લાગે છે કે હત્યારો અને મૃતક અગાઉથી પરિચિત ન હતા.' મૃતકના પિતા ભરપુર સિંહે કહ્યું કે, 'કેનેડાના વહીવટીતંત્રે આ હત્યાની ઝીણવટભરી તપાસ કરવી જોઈએ. અમે માત્ર એ જાણવા માંગીએ છીએ કે હત્યા શા માટે થઈ. હત્યારાએ જશનદીપને અમારી પાસેથી છીનવીને અમારી દુનિયાને બરબાદ કરી નાખી.' પંજાબ પ્રદેશ કોંગ્રેસ સમિતિના નેતા પ્રીતિપાલ કૌર બાદલે કેન્દ્ર સરકાર પાસે માંગ કરી છે કે, કેનેડાથી જશનદીપ સિંહ માનનો મૃતદેહ પરત લાવવાની વ્યવસ્થા કરવામાં આવે. ગ્રામજનોએ વડાપ્રધાન મોદીને પણ આ મામલાને રાજદ્વારી સ્તરે લઈ જવાની અપીલ કરી છે. લોકોની માંગ છે કે ભારતથી વિદેશ જતા વિદ્યાર્થીઓ સાથે બનતી આવી ઘટનાઓને ગંભીરતાથી લેવી જોઈએ. ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૩માં એડમન્ટનમાં એક શીખ યુવક અને તેના ૧૧ વર્ષના પુત્રની હત્યા કરવામાં આવી હતી. મૃતકની ઓળખ હરપ્રીત સિંહ ઉપ્પલ તરીકે થઈ હતી. બંનેને ગોળી મારી દેવામાં આવી હતી. એક તરફ કેનેડા વિચાર્યા વગર નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવવા તૈયાર હતું, તો બીજી તરફ કેનેડાની ધરતી પર થઈ રહેલી ભારતીયોની હત્યા પ્રત્યે તેનું વલણ ઢીલું લાગે છે.

## પૂજા ખેડકરનોતાત્કાલિક અસરથી ભારતીય વહીવટી સેવામાંથી દૂર કરાઈ

નવી દિલ્હી, તા. ૮

મહારાષ્ટ્રની પૂર્વ IAS ટ્રેની પૂજા ખેડકર પર કાર્યવાહી કરવામાં આવી છે. સમાચાર એજન્સી PTIના અહેવાલ મુજબ કેન્દ્ર સરકારે પૂજા ખેડકરને તાત્કાલિક અસરથી ભારતીય વહીવટી સેવામાંથી બરતરફ કરી દીધી છે. પૂજા ખેડકર પર IAS (પ્રોબેશન) નિયમ, ૧૯૯૫ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ પહેલા સંઘ લોક સેવા આયોગ (UPSC) અને દિલ્હી પોલીસે પૂર્વે IAS પૂજા ખેડકરની અગ્રિમ જામીન અરજીનો વિરોધ કર્યો હતો.

UPSC અને દિલ્હી પોલીસ તરફથી કોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે તેમણે માત્ર આયોગ સાથે જ નહીં પરંતુ જનતા સાથે પણ છેતરપિંડી કરી છે કારણ કે તે ૨૦૨૦ સુધી બધા પ્રયાસો સમાપ્ત થયા પછી ૨૦૨૧માં સિવિલ સેવા પરીક્ષા (CSE)માં બેસવા માટે અયોગ્ય હતી. છેતરપિંડી અને ખોટી રીતે OBC અને દિવ્યાંગ કોટાનો લાભ લેવાની આરોપી પૂજા ખેડકર હાલમાં અંતરિમ જામીન પર છે.

પૂજા ખેડકર પર આરોપ છે કે તેણે તેનું નામ, તેના માતા-પિતાના નામ, તેના ફોટોગ્રાફ, હસ્તાક્ષર, ઈમેલ આઈડી, મોબાઈલ નંબર અને સરનામું બદલીને ખોટી ઓળખ આપીને પરીક્ષામાં બેસવાનો પ્રયાસ કર્યો હતો. પૂજા ખેડકર પર OBC અનામત અને દિવ્યાંગ કોટાનો સહારો લઈને સંઘ લોક સેવા આયોગની પરીક્ષા આપવાનો આરોપ છે. આરોપ છે કે તેમણે આ સંબંધમાં બધા કાગળો પણ બનાવટી રીતે બનાવ્યા હતા. દિલ્હી પોલીસે પૂજા ખેડકર પર છેતરપિંડીથી સિવિલ સેવા પરીક્ષા પાસ કરવાના આરોપમાં કેસ નોંધ્યો હતો. આ પહેલા, કોર્ટે આ વાત પર ભાર મૂક્યો હતો કે પૂજા ખેડકર તરફથી જમા કરાવેલા બધા કાગળોની તપાસ થવી જોઈએ. UPSCએ ૩૧ જુલાઈએ તેમની ઉમેદવારી રદ કરી અને તેમને ભવિષ્યની પરીક્ષાઓમાં સામેલ થવાથી વંચિત કરી દીધા. આ પહેલા પૂજા ખેડકરે ગુરુવારે (૫ સપ્ટેમ્બર ૨૦૨૪) દિલ્હી હાઈ કોર્ટમાં કહ્યું હતું કે તે એઈમ્સમાં પોતાની વિકલાંગતાની તપાસ કરાવવા તૈયાર છે. પૂજા ખેડકર તરફથી રજૂ થયેલા વરિષ્ઠ વકીલે દાવો કર્યો કે પોલીસે કેસમાં દાખલ કરેલી પોતાની સ્થિતિ રિપોર્ટમાં તેમને ધરપકડ કરી પૂછપરછ કરવા માટે દબાણ નથી કર્યું અને એવું પણ જરૂરી નહોતું, કારણ કે અધિકારીઓ પાસે બધા રેકોર્ડ ઉપલબ્ધ છે.

### ડેવિડ વોર્નરનો ભારત પ્રત્યેનો પ્રેમ ફરી દેખાયો!

## ઓસ્ટ્રેલિયાના ઓપનરે ગણેશ ચતુર્થીની કરેલી ઉજવણી

### ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરની સ્ટોરી સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે

નવી દિલ્હી, તા.૯

આજે દેશભરમાં ગણેશ ચતુર્થીના તહેવારની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે. ખાસ કરીને મહારાષ્ટ્ર અને મુંબઈમાં ગણેશ ચતુર્થી નિમિત્તે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ભારત ઉપરાંત વિશ્વના અન્ય ઘણા દેશોમાં ગણેશ ચતુર્થી ધામધૂમથી ઉજવવામાં આવે છે. ઓસ્ટ્રેલિયન ક્રિકેટર ડેવિડ વોર્નરની સ્ટોરી સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. વાસ્તવમાં ઓસ્ટ્રેલિયાના વિસ્ફોટક બેટ્સમેન ડેવિડ વોર્નરે ગણેશ ચતુર્થીના તહેવારની ઉત્સાહ સાથે ઉજવણી કરી હતી. આ પછી તેણે તેના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર સ્ટોરી પોસ્ટ કરી. ડેવિડ વોર્નરની સ્ટોરી સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. જો કે, આ પહેલીવાર નથી જ્યારે ડેવિડ વોર્નરનો ભારત પ્રત્યેનો પ્રેમ દેખાડવામાં આવ્યો હોય. આ પહેલા પણ ઘણા પ્રસંગોએ ડેવિડ વોર્નરે ભારતીય સંસ્કૃતિ પ્રત્યે પોતાનો પ્રેમ વ્યક્ત કર્યો છે.

સાથે જ ડેવિડ વોર્નરની કારકિર્દી પર નજર કરીએ તો આ ખેલાડીએ ૧૬૧ ODI અને ૧૧૦ T૨૦ મેચો સિવાય ૧૧૨ ટેસ્ટ મેચોમાં ઓસ્ટ્રેલિયાનું પ્રતિનિધિત્વ કર્યું છે. ડેવિડ વોર્નરે ટેસ્ટ મેચોમાં ૭૦.૨ની સ્ટ્રાઈક રેટ અને ૪૪.૬ની એવરેજથી ૮૭૮૬ રન બનાવ્યા છે. આ ફોર્મેટમાં ડેવિડ વોર્નરના નામે ૨૬ સદી અને ૩૭ અડધી સદી છે. ૈં ફોર્મેટમાં ડેવિડ વોર્નરે ૯૭.૨૬ની સ્ટ્રાઈક રેટ અને ૪૫.૦૧ની એવરેજથી ૬૯૩૨ રન બનાવ્યા છે. વનડે ફોર્મેટમાં ડેવિડ વોર્નરના નામે ૨૨ સદી છે. આ સિવાય ડેવિડ વોર્નરે ODI ફોર્મેટમાં ૩૩ વખત પચાસ રનનો આંકડો પાર કર્યો છે. આ બેટ્સમેને ૧૧૦ T૨૦ મેચમાં ૧૩૯.૭૭ની સ્ટ્રાઈક રેટ અને ૪૦.૫૨ની એવરેજથી ૬૫૬૫ રન બનાવ્યા છે. ડેવિડ વોર્નરે T૨૦ ફોર્મેટમાં ૪ વખત સદીનો આંકડો પાર કર્યો છે.

### તેલંગાણામાં યુવકને કોબ્રા સાથે રીલ બનાવવી ભારે પડી

## રીલ બનાવવાના ચક્કરમાં કોબરા સાંપને મોઢામાં દબાવ્યો!

### વીડિયો રેકોર્ડ કરતી વખતે સાંપે તેને કરડી લીધો, જે બાદ તેનું મૃત્યુ થયું

હૈદરાબાદ, તા. ૯

લોકો સોશિયલ મીડિયા પર ફેમ મેળવવા માટે કંઈ પણ કરતાં રહે છે. ઘણી વખત એવું કરતી વખતે તેઓ પોતાના જીવને પણ જોખમમાં મૂકી દે છે. સાંપોની સાથે રીલ બનાવવાનો વીડિયો તમે ઘણી વખત જોયો હશે પરંતુ તેલંગાણામાં એક એવો મામલો સામે આવ્યો છે જેણે લોકોને વિચારવા પર મજબૂર કરી દીધા કે લોકો વ્યૂઝ માટે પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે.

તેલંગાણાની એક વ્યક્તિનો આવો જ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. તેને જોખમી સ્ટંટ કરતી વખતે કોબ્રાને પોતાના મોઢામાં નાખી દીધો. રિપોર્ટ અનુસાર વીડિયો રેકોર્ડ કરતી વખતે સાંપે તેને કરડી લીધો, જે બાદ તેનું મૃત્યુ થઈ ગયું. આ દુર્ઘટના તેલંગાણાના કામારેડ્ડી જિલ્લામાં થઈ. મળતી માહિતી અનુસાર આ વ્યક્તિની ઓળખ ૨૦ વર્ષીય શિવરાજ તરીકે થઈ છે. વીડિયોમાં તે રસ્તાની વચ્ચે ઊભો થઈને સાંપને પોતાના મોઢામાં નાખતો નજર આવી રહ્યો છે. તે બાદ તે હાથ જોડીને કેમેરા તરફ જુએ છે. એક પળ માટે પોતાના વાળમાં હાથ પણ ફેરવે છે જ્યારે કોબ્રા તેના મોઢામાં ફસાઈ રહ્યો છે. વીડિયોના અંતમાં તે સાંપનું મોઢું મોઢામાં મૂકતાં અંગૂઠો બતાવીને ઈશારો કરે છે. યુવક અને તેના પિતા સાંપોને પકડીને-મારીને પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. તેમણે આ સાંપને પણ પકડ્યો હતો અને તેના પિતાએ તેને કહ્યું કે તે તેનો વીડિયો બનાવીને વ્હોટ્સએપ ગ્રૂપ્સ પર નાખે. વીડિયો બનાવતી વખતે સાંપે તેને કરડી લીધો, જેનાથી તેનું મૃત્યુ થઈ ગયું.

વીડિયો વાયરલ થયા બાદ સોશિયલ મીડિયા પર લોકોએ રોષ વ્યક્ત કર્યો. ઘણા લોકો જાણવા ઈચ્છતાં હતાં કે તે શખ્સે કોબ્રાને પોતાના મોઢામાં કેમ નાખ્યો. એક યુઝરે લખ્યુ, 'આ ખૂબ ડરામણુ છે, પરંતુ તેણે આવું કેમ કર્યું?' અન્યએ કહ્યું કે 'ભગવાન તેની આત્માને શાંતિ આપે, કાશ તેણે આવું કર્યું ન હોત' પરંતુ રીલ્સ માટે આ પ્રકારની હરકતો હંમેશા જોખમી સાબિત થાય છે.

# વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યની વિવિધ સરકારી ઈમારતો ઉપર ૪૮ મેગાવોટની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરાશે

## અત્યાર સુધી ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩ હજારથી વધુ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી : આ વર્ષે સોલાર રૂફટોપ સ્થાપિત કરવા માટે રાજ્ય સરકાર દ્વારા ૧૭૭ કરોડની



(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા.૯

પરંપરાગત ઈંધણ ઉપરથી ભારણ હટાવીને, વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતની ૫૦ ટકા વીજળી આપૂર્તિ વિવિધ પુનઃપ્રાપ્ય ઊર્જા સ્રોત દ્વારા થાય, તે હેતુથી વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા વિવિધ પહેલ હાથ ધરવામાં આવી છે. વર્ષ ૨૦૧૫માં COP૨૧-પેરિસ ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિએ સંયુક્ત રીતે ઈન્ટરનેશનલ સોલાર એલાયન્સ(ISA) લોન્ચ કર્યું હતું. ૧૨૧ દેશોમાં સૌર ઊર્જાને પ્રોત્સાહન આપવા માટે આ આંતરરાષ્ટ્રીય સહયોગ કરવામાં આવ્યો છે. ભારતમાં ઉજાલા યોજના, નેશનલ સોલાર મિશન, સ્વચ્છ ભારત અભિયાન તેમજ ગ્રીન ગ્રોથને લગતા વિવિધ નિર્ણયો પર્યાવરણને અનુકૂળ વિકાસ તરફ ભારતની પ્રતિબદ્ધતા પ્રદર્શિત કરે છે. ભારતના આ સંયુક્ત ઉદ્દેશ્યને પ્રાપ્ત કરવામાં, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત એક અગ્રેસર ભૂમિકા નિભાવી રહ્યું છે. આ દિશામાં આગળ વધતા, રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૮ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે, જેના માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા ? ૧૭૭.૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

**૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩ હજારથી વધુ સોલાર રૂફટોપ સિસ્ટમ સક્રિય**

ગુજરાતમાં અંદાજે ૩૬ ગીગાવોટથી વધુ સૌર ઊર્જાની ઉપલબ્ધતા સંભવિત છે. તેનો મહત્તમ ઉપયોગ થાય તે હેતુથી રાજ્ય સરકારના ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા રાજ્ય સરકારની વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર સોલાર રૂફટોપ સ્થાપિત કરવામાં આવી રહી છે. આ યોજના અંતર્ગત માર્ચ ૨૦૨૪ સુધીમાં, રાજ્યની વિવિધ સરકારી વિભાગોની ઈમારતો પર ૫૬.૮ મેગાવોટ ક્ષમતાની ૩૦૨૩ સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવી છે.

**વર્ષ ૨૦૨૪-૨૫માં ૪૮ મેગાવોટ ક્ષમતાની સિસ્ટમ સ્થાપિત થશે**

આ યોજનાને આગળ લઈ જવા માટે આ વર્ષે રાજ્યની વિવિધ સરકારી ઈમારતો પર ૪૮ મેગાવોટ ક્ષમતાની સોલાર રૂફટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં આવશે. તેના માટે રાજ્ય સરકાર દ્વારા ૧૭૭.૪ કરોડની રકમની જોગવાઈ કરવામાં આવી છે.

**ગુજરાતમાં પુનઃપ્રાપ્ય ઉર્જા : ૨૦૨૩-૨૪માં ૨૪૭૬૫.૩ એમયુ ઉત્પાદન**

પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે, ખાસ કરીને સૌર અને પવન ઉર્જા ક્ષેત્રે ગુજરાત એક અગ્રેસર રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સોલાર પાર્કનું નિર્માણ અને રૂફટોપ સોલાર ઈન્સ્ટોલેશનને ઘરો સુધી પહોંચાડીને, રાજ્યની મબલખ સૌર ક્ષમતાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ચારણકા સોલાર પાર્ક જેવા પ્રોજેક્ટની સફળતાએ ગુજરાતને ભારતમાં સૌર ઉર્જા ઉત્પાદનમાં મોખરે પહોંચાડ્યું છે. વધુમાં, દરિયાકાંઠે આવેલા વિન્ડ ફાર્મ્સે રાજ્યની પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષમતામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે. વર્ષ ૨૦૨૩-૨૪ના છેલ્લા આંકડા અનુસાર ગુજરાતમાં કુલ ૨૪૭૬૫.૩ મિલિયન યુનિટ ઉત્પાદન થયું છે. જેમાં ૯૬૩૭ MU સોલાર, ૧૪૨૦૧ MU પવન, ૮૮૫.૩૨૫ MU હાઈડ્રો, ૬૯ સ્મોલ હાઈડ્રો અને ૪૨ MU બાયોમાસ અને બગાસ છે. વિશ્વભરમાં ઊર્જાના વપરાશમાં સૌથી વધુ ઉપયોગ અશ્મિભૂત ઈંધણનો થતો હોય છે, પરંતુ આ ઈંધણ ફક્ત નિશ્ચિત સમયમર્યાદા માટે જ ઉપલબ્ધ છે અને પર્યાવરણ ઉપર પણ તેની અનેક ગંભીર અસરો થતી જોવા મળે છે. સ્વચ્છ પર્યાવરણનું નિર્માણ કરીને ભાવિ પેઢી માટે એક બહેતર ભવિષ્યની કેડી કંડારવી ખૂબ જરૂરી છે. ગુજરાતે આ વાત બરાબર સમજીને આત્મસાત કરી છે અને રાજ્યએ સોલાર પ્રોજેક્ટ્સના ઈન્ફ્રાસ્ટ્રક્ચરને દમદાર રીતે અમલમાં મૂક્યા છે. સૂર્યની શક્તિને મહત્વની ઊર્જાશક્તિ તરીકે વિકસાવીને નાગરિકોની ઊર્જા આવશ્યકતા, પર્યાવરણીય સમતુલા અને આર્થિક વિકાસ, આ ત્રણેય પાસાને એકબીજા સાથે સાંકળીને ગુજરાતે વિકાસની કેડી કંડારી છે.

# દેવભૂમિમાં પ્રવેશબંધીના હુકમને અવગણીને આવેલા ગુજસીટોકના આરોપીઓને પોલીસે અટકાવતા હેડ કોન્સ્ટેબલ ઉપર હુમલો

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯


દેવભૂમિ દ્વારકા જિલ્લામાં થોડા સમય પૂર્વે ગુજસીટોકના નોંધાયેલા ગુનામાં ઝડપાયેલા આરોપીઓને નામદાર હાઈકોર્ટે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ન પ્રવેશ કરવાની શરત સાથે જામીન આપ્યા હતા. આ પૈકીના ત્રણ આરોપીઓ જિલ્લામાં પ્રવેશ્યા હોવાથી કલ્યાણપુર પોલીસ મથકના સ્ટાફે ચેક પોસ્ટ પાસે અટકાવતા કારમાં સવાર કુલ પાંચ આરોપીઓએ પોલીસ ઉપર હુમલો કરી, બેરીકેટીંગ તોડીને નુકસાની કરવા સબબની ધોરણસર ફરિયાદ સ્થાનિક પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે. આ સમગ્ર ચકચારી પ્રકરણ અંગે કલ્યાણપુર પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ હરદાસભાઈ ભીખાભાઈ ચાવડાએ જાહેર કરેલી વિગત મુજબ ફરિયાદી હરદાસભાઈ ચાવડા તેમજ અન્ય પોલીસ કર્મીઓ ગઈકાલે રવિવારે સાંજે કલ્યાણપુરથી આશરે ૨૫ કિલોમીટર દૂર હર્ષદ ચેક પોસ્ટ પાસે તેમની ફરજ પર હતા. ત્યારે તેમને માહિતી મળી હતી કે મીઠાપુર પોલીસ મથકના ગુજસીટોકના ગુનાના આરોપીઓ કે જેઓ સામે ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો હતો, તે પૈકીના કેટલાક આરોપીઓ દ્વારકા જિલ્લામાં ન પ્રવેશવાની શરતે જામીન મુક્ત થયા હતા તેઓ કેટલાક દિવસોથી દ્વારકા પંથકમાં રહેતા હતા. આ પ્રકારના આરોપીઓ સફેદ કલરની એક મોટરકારમાં પોરબંદર હાઈવે રોડ પર જવાની પેરવીમાં હતા તેવી માહિતી હતી. જેથી હેડ કોન્સ્ટેબલ તથા સ્ટાફે ગઈકાલે રવિવારે સાંજના સમયે આ ચેક પોસ્ટ નજીકથી પસાર થઈ રહેલી જી.જે. ૩૭ જે. ૭૪૪૫ નંબરની સફેદ કલરની એક ક્રેટા મોટરકારને પૂર ઝડપે જતા અટકાવવા હાથ વડે ઈશારો કરીને સૂચના આપી હતી. આ મોટરકારમાં મીઠાપુર ગામના માનસંગભા ધાંધાભા સુમણીયા, ટોબર ગામના રાયદેભા ટપુભા કેર, મેવાસા ગામના મેરૂભા વાલાભા માણેક તેમજ અન્ય બે અજાણ્યા શખ્સો સહિત કુલ પાંચ શકશો હોવાનું જાહેર થયું છે. આ કારમાં જઈ રહેલા ચાલકે કાર થોભાવવાના બદલે સૂચના આપનાર પોલીસ કર્મચારી તેમની ફરજનું પાલન કરી રહ્યા હતા તેમ જાણવા છતાં પણ તેના પર કાર ચડાવીને મારી નાખવાના ઈરાદે હુમલો કર્યાનું જાહેર થયું છે. આ બનાવથી પોલીસ કર્મીને શરીરના જુદા જુદા ભાગોમાં ઈજાઓ થવા પામી હતી. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદી પાસે રહેલી બેરીકેટિંગને ટક્કર મારી આ બેરીકેટિંગને નુકસાની કર્યાનું પણ વધુમાં જાહેર થયું છે. આ સમગ્ર બનાવ અંગે કલ્યાણપુર પોલીસે બે અજાણ્યા સહિત તમામ પાંચ શખ્સો સામે ભારતીય ન્યાય સહિતની કલમ ૧૦૯ (૧), ૧૨૧ (૧), ૩(૫) તથા પબ્લિક પ્રોપર્ટી એન્ડ ડોમેસ્ટિક એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, દ્વારકા સર્કલના ડીવાયએસપીના વડપણ હેઠળ આગળની તપાસ પી.એસ.આઈ. કે.બી. રાજવીએ હાથ ધરી છે.

# જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં પારેખ પરિવાર દ્વારા થયેલ ચક્ષુદાન

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૯

માંગરોળમાં તા.૬-૯-૨૦૨૪ને શનિવાર, પર્યુષણ પર્વએ અરિહંત શરણ જગદિશચંદ્ર દેવિદાસ પારેખ(ઉ.વ.૮૦)નું દુઃખદ અવસાન થયેલ છે. જેઓ એડવોકેટ લક્ષ્મીકાંતભાઈ દેવીદાસ પારેખ, એડવોકેટ જયેન્દ્રભાઈ, એડવોકેટ રમેશચંદ્ર તેમજ જશુમતિબેન માંડવીયાનાં નાના ભાઈ થાય છે. આ દુઃખદ સમયે તેમના પરિવાર દ્વારા અ.શ.જગદિશચંદ્રના ચક્ષુનું દાન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. આથી માંગરોળમાં થતી વિવિધ સેવાકિય પ્રવૃતિ સાથે સંકળાયેલ તેમજ શિવમ્ ચક્ષુદાન આરેણા સાથે હંમેશા સહકાર આપનાર પંકજભાઈ રાજપરાએ શિવમ ચક્ષુદાન આરેણાના સંચાલકને જાણ કરતા, લોએજ ગામના રાજેશભાઈ સોલંકીએ મૃતકના બન્ને ચક્ષુ લઈ મુનિ સંત બાલાજી આઈ બેંક અને હોસ્પિટલ વેરાવળ,જિ.ગીર સોમનાથને પાર્થભાઈ વાળા દ્વારા પહોંચાડવામાં આવ્યાં હતાં. આ ચક્ષુદાનનો સ્વિકાર સચિનભાઈ જોટવા દ્વારા કરવામાં આવ્યો હતો. આ ચક્ષુદાન સમયે તેમના નજીકના સગા સબંધી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા. હાલ પણ નેત્ર દાન અભિયાન અંતર્ગત જાગૃત આ સેવા કાર્યમાં આવે એ હેતુથી દર વર્ષેની જેમ નેત્ર દાન પખવાડિયું ઉજવાય રહ્યું છે. જે તા.૨૫-૮ થી ૮-૯-૨૪ સુધી હોય છે. તેમજ મહાપર્વ પર્યુષણ અને નેત્રદાન પખવાડિયામાં મહાદાન એવું અ.શ.જગદિશચંદ્રનું ચક્ષુદાન થયું છે. પારેખ પરિવારે ચક્ષુદાનનો આ પ્રેરણાદાયી નિર્ણય લઈને બે દ્રષ્ટિહીન બાંધવોને દ્રષ્ટિ આપવાનું પુણ્યનું કાર્ય કરીને સમાજને નવો રાહ ચિંધેલ છે તેમના આ વિચારને શિવમ્ ચક્ષુદાન-આરેણા બિરદાવે છે અને અ.શ.જગદિશચંદ્રને શ્રધ્ધાંજલી અર્પે છે. આ પરિવાર દ્વારા થયેલ આ ચક્ષુદાને આપણા પૂરાણોમાં થયેલા દાન ધર્મના મહિમાને ખરા અર્થમાં સાર્થક કર્યો છે. મિત્રો આ તકે આપને જણાવીએ છીએ કે આપણા વિસ્તારમાં કોર્નિયાથી અંધ લોકો આપના ધ્યાનમાં હોય તો એમના ઓપરેશન પહેલાની તપાસ કરી ને ઓપરેશન માટે ફીટ હોવી જોઈએ. મતલબ આ આંખના કોર્નિયાનું પ્રત્યારોપણ ત્યારે જ શક્ય બને છે



કે એમના સ્નાયુ બિલકુલ સ્વસ્થ હોય, પડદો આંખનો ડેમેજ ન થયો હોય, આંખનું પ્રેશર નોર્મલ હોવું જરૂરી છે સાથે સાથે બી.પી., ડાયાબિટીસ વગેરે પણ જોવાતું હોય છે. આમ જે લોકોને કોર્નિયાથી અંધ વ્યક્તિ હોય એમને ભારત કોર્નિયા અંધત્વ મુક્ત અભિયાન અંતર્ગત નેત્ર પ્રત્યારોપણ શક્ય હોય છે. આવી વ્યક્તિની જાણ કરવા વિનંતી છે જેથી એમને આપણે દ્રિષ્ટ ફરીથી અપાવી શકીએ છીએ.

# ઉનામાં વિવિધ વિસ્તારોમાં ગણપતિ ઉત્સવની ભાવભેર ઉજવણી : અનેકવિધ કાર્યક્રમો









(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૯

વિઘ્ન હર્તા દેવ શ્રી, ગણેશ ચતુર્થીના દિવસે ઊના શહેરમાં પોસ્ટ ઓફિસ ચોકમાં ગામ સમસ્ત દ્વારા, સતત ૪૭ વરસથી ગણપતિજીની મૂર્તિ સ્થાપના કરવામાં આવે છે ત્યાં સ્થાપના કરવામાં આવી હતી. તેમજ ગોંદરા ચોકમાં એ.સી. બાંભણિયા ગ્રુપ દ્વારા, શ્રીજી કોમ્પલેક્ષમાં સિધ્ધિ વિનાયક ગ્રુપ, ચંદ્રકિરણ સોસાયટીમાં ચંદ્ર કિરણ ગ્રુપ, જૂના બસ સ્ટેશન પાસે ગણેશ યુવક મંડળ, સુવર્ણ બાગ પાસે બાલ ગણેશ ગ્રુપ, લાયબ્રેરી ચોક, મોઢ વણિક જ્ઞાતિની વાડી પાસે, તુલસી ધામ સોસાયટી, સાજણ નગર, હવેલી ચોક રામજી મંદિર પાસે, કુંભાર વાડા પાસે, મહાકાલેશ્વર મંદિર પાસે, શાસ્ત્રી નગર, વિદ્યા નગર, ન્યાય કોર્ટ પાછળ સુર્ય મુખી હનુમાન મંદિરે પાસે ધીરૂભાઈ પંડ્યા મિત્ર મંડળ દ્વારા, મારુતિ મિત્ર મંડળ, ગજાનંદગ્રુપ, વેરાવળ રોડ ઉપર આંબેડકર નગર ચોક, ખારા વિસ્તારમાં ગણેશ મંદિર વિગેરે ૪૦થી વધુ જગ્યાઓ ઉપર જ વિવિધ ગ્રુપ દ્વારા ગણપતિજીની મૂર્તિ સ્થાપના કરવામાં આવી છે. સવાર સાંજ પૂજા પાઠ આરતી દસ દિવસ સુધી કરવામાં આવશે તેમજ સત્યનારાયણની કથા, અન્નકૂટ મહોત્સવ, બટુક ભોજન વિગેરે ધાર્મિક કાર્યક્રમો યોજાશે. તા.૧૭-૯-૨૪ને મંગળવારે પૂજા આરતી કરી વિસર્જન યાત્રા વાજતે ગાજતે શહેરમાં ફરી ઊનાથી આઠ કિલોમીટર દૂર નવા બંદર દરિયામાં મૂર્તિ વિસર્જન કરવામાં આવશે.

જ્યારે ઉનામાં ૪૭ વરસથી સમસ્ત ગામ દ્વારા પોસ્ટ ઓફિસ ચોકમાં ગણપતિજીની મૂર્તિ સ્થાપના અને ૪૦ વરસથી ઊનાના ગોદરા ચોકમાં એ.સી. બાંભણિયા ગ્રુપ દ્વારા ગણપતિજીનું સ્થાપન કરવામાં આવે છે.

# માળીયા હાટીના પ્રતિષ્ઠિત ડોક્ટર સુતરીયા સાથે છેતરપિંડીના ગુનામાં મહિલા પીએસઆઈ એસ.આઈ. સુમરાએ બે જ કલાકમાં આરોપીની ધરપકડ કરી

(રમેશ કારીયા દ્વારા)

માળીયાહાટીના તા.૯

માળીયાહાટીનામાં એસટી રોડ ઉપર દવાખાનું ચલાવતા ડોક્ટર જે.ડી. સુતરીયા સાથે વિશ્વાસઘાત છેતરપિંડી ચીટીંગ કરી રૂપિયા પાંચ લાખથી પણ વધુ રકમ ચૂનો આરોપીએ લગાવી દીધો હતો. આ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ જૂનાગઢના વિજયભાઈ પરસોતમભાઈ ભલાણી અને મધ્યપ્રદેશ વાળા દિનેશભાઈ ઘોઘાભાઈ ડોક્ટર સુતરીયાના કોન્ટેકમાં આવ્યા હતા અને ડો. સુતરીયાને વારંવાર કહેતા હતા કે તમો મને રૂપિયા પાંચ લાખ આપો તો હું તમને દર મહિને વળતર પેટે ૫૦,૦૦૦ રૂપિયા આપીશ. આ પ્રલોભનમાં આવીને ડોક્ટર સુતરીયાએ મધ્યપ્રદેશ વાળા દિનેશભાઈના ખાતામાં રૂપિયા પાંચ લાખ નાખ્યા હતા અને તરત જ દિનેશભાઈએ પોતાનું એકાઉન્ટ બંધ કરી દીધું હતું. આ બાબતે ડોકટર સુતરીયાએ માળીયાહાટીના પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા મહિલા પીએસઆઈ એસ.આઈ. સુમરાએ બે જ કલાકમાં આરોપી વિજયભાઈ પરસોતમભાઈની ધરપકડ કરી લીધી હતી અને મધ્યપ્રદેશના આરોપી દિનેશભાઈ બોઘાભાઈ નીધરપકડ કરવા માટે પોલીસના ચક્રો ગતિમાન કરેલ છે. આ ચીટીંગના ઝપાટામાં ડો. જે.ડી. સુતરીયાની સાથે બીજા બે વ્યક્તિ પણ હોવાનું જાણવા મળે છે. કુલ રૂપિયા ૧૨,૫૦,૦૦૦ની




છેતરપિંડીની ફરિયાદ થયેલ છે. આ કામે માળીયાહાટીના પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એસ.આઈ. સુમરા દ્વારા આ કામના આરોપીની ધરપકડ કરી માળીયાહાટીના કોર્ટમાં પાંચ દિવસના રિમાન્ડ માટે કાર્યવાહી કરેલ હતી અને નામદાર કોર્ટમાં પીએસઆઈ સુમરાએ વિગતવાર દલીલો રજૂ કરી હતી. નામદાર કોર્ટે બે દિવસના આરોપીના રિમાન્ડ મંજૂર કરી અને આરોપીને પોલીસ કસ્ટડીમાં પોલીસને સોંપેલ છે. આમ બાવોસ અધિકારી દ્વારા તાત્કાલિક તાબડતો કાર્યવાહી કરી પ્રજામાં એક ખૂબ જ સારી કામગીરીનો મેસેજ પહોંચાડેલ છે અને કોઈ ભોગ બનનાર હોય તો તેને પોલીસ સ્ટેશનમાં આવવા અને પીએસઆઈ સુમરાનો સંપર્ક કરવા અનુરોધ કરેલ છે.

# ખંભાળિયા : શિરેશ્વર લોકમેળામાં પાર્કિંગ કરાયેલી કારમાં આગ ભભૂકી

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ખંભાળિયાના શક્તિનગર વિસ્તારમાં શુક્રવારથી શરૂ થયેલા શિરેશ્વર લોકમેળામાં શનિવારે સાંજના સમયે પાર્કિંગ પ્લોટમાં પાર્ક કરાયેલી જી.જે. ૦૧ કે.એસ. ૯૪૮૪ નંબરની એક મોટરકારમાં એકાએક આગ લાગી હતી. શોર્ટ સર્કિટ થવાના કારણે ભભૂકી ઉઠેલી આ આગ અંગે સ્થાનિકો દ્વારા ફાયર વિભાગને જાણ કરવામાં આવતા ચીફ ફાયર ઓફિસર મીતરાજસિંહ પરમારની સૂચનાથી ફાયર સ્ટાફ વિવિધ



ફાયર ફાયટર સાથે ઘટના સ્થળે દોડી ગયો હતો અને પાણીનો અવિરત રીતે મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવ્યો હતો. આગ વધુ પ્રસરતી અટકતા અને કોઈ મોટી જાનહાની ન થતા ઉપસ્થિતોએ રાહતનો દમ ખેંચ્યો હતો.

# ગીર ગઢડા પોલીસે કારમાં લઈ જવાતો વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો

(પ્રતિનિધિ દ્વારા)

ઊના તા.૯

ગીર ગઢડા પોલીસએ જશાધાર ગીર ગામેથી મોટરમાં છુપાવી લઈ જવાતો ઈંગ્લિશ દારૂ અને બિયરના ટીનો મળી કુલ ૩૬૦ નંગ રૂપિયા ૯૩૬૦૦નો અને મોટર કાર સહિત રૂપિયા ૨,૯૮,૬૦૦ની કિંમતનો મુદામાલ સહિત એકને પકડી પાડી કુલ ત્રણ સામે ગુનો નોંધ્યો છે. ઊનાના ગીર ગઢડા પોલીસ સ્ટેશનના નવ નિયુક્ત પોલીસ ઈન્સ્પેકટર એમ.પી. ચોહાણ અને હેડ કોન્સ્ટેબલ જગદીશભાઈ ગાંગાભાઈ સોસા, પોલીસ કોન્સ્ટેબલ હિતેશભાઈ અરસીભાઈ વાઘેલા અને નલિનભાઈ બાલાભાઈ સોલંકી અને સ્ટાફે પેટ્રોલિંગમાં હતા ત્યારે ગીર ગઢડા તાલુકાના જશાધાર ગીર ગામે ખોડીયાર નગર વિસ્તારમાં એક મોટર કાર નંબર જીજે-૧૦-બીજી-૨૯૯૪ની શંકાસ્પદ હાલત હોય ચાલક પરેશ મનસુખભાઈ સોલંકી રે. ધારી જિલ્લો અમરેલી રોકી મોટરની તપાસ કરતા મોટરની અંદર કાળા ઝબલામાં છુપાવી લઈ જવાતો ઉપર પ્રાંતની ઈંગ્લિશ દારૂની જુદી જુદી બ્રાન્ડની બોટલો નંગ



૨૪૦ અને બિયરના ટીન નંગ૧૨૦ મળી કુલ ૩૬૦ નંગ જેની કિંમત રૂપિયા ૯૩૬૦૦ એક મોબાઈલ ફોન અને મોટર કારની કિંમત રૂપીયા બે લાખ મળી કુલ રૂપિયા ૨,૯૮,૬૦૦ની કિંમતનો જથ્થો મળી આવ્યો હતો અને આરોપીની પૂછપરછ કરતા આ દારૂનો જથ્થો ઊનાના નટુગીરી મગનગીરી ગોસ્વામીએ ભરી આપેલ અને જયદીપ જોરૂભાઈ વાળા રે. માણાવાવ તા.ચલાલા જી.અમરેલીને આપવાનો હોય તેથી પોલીસ ત્રણ સામે ગુનો નોંધી બેને પકડવા તજવીજ શરૂ કરી છે.

# સોમનાથના વેપારીની અનોખી સેવા : ગણપતિબાપાની મુર્તિ નહી નફો-નહી નુકશાનના ધોરણે વેંચે છે



(પ્રતિનિધી દ્વારા)

પ્ર.પાટણ તા.૯

સોમનાથ પ્રભાસ પાટણ શિવ પોલીસ ચોકી સામે આવેલ પી.જે.સાોડાવાળાના દુકાનધારકો ભરત પીઠા ગઢીયા અને વિપુલ પીઠા ગઢીયા છેલ્લા ત્રણ વર્ષથી ખાસ રાજસ્થાનથી ગાય ગોબર અને ગૌમુત્રથી બનેલી ગણપતિની પાંચથી છ મુર્તિઓ મંગાવી ધર્મપ્રેમી ભાઈઓને નહી નફો નહી નુકશાનના ધોરણે વહેંચે છે. એક ફુટ લંબાઈ અને એક ફુટ પહોળાઈ ધરાવતી આ મુર્તિની કિમત સાદી મુર્તિના રૂા.૩૦૦ અને કલરવાળી મુર્તિના રૂા.૩૫૦ રાખેલ હોય છે. આ મુર્તિ વોટર કલર, ગાયના ગોબર, ગૌમુત્રની બનેલી હોવાથી વિસર્જન વખતે પ્રદુષણ થતું નથી અને જળચર જીવોને પણ નુકશાન થતું નથી. તેનો એક જ ધ્યેય છે પ્રાચીન પરંપરા અને નદી-સમુદ્ર પ્રદુષણમુકત રહે. સાથો સાથ શ્રધ્ધા જળવાઈ રહે અને વિસર્જીત મુર્તી જળમાં જળ

# દ્વારકા નજીક વેપારીની દુકાનમાં બઘડાટી બોલાવીને કરાયેલી લૂંટ પ્રકરણના ચાર આરોપીઓને દબોચી લેવાયા

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા તા.૯

ઓખા મંડળના દ્વારકા તાબેના મૂળવાસર ગામે રહેતા ઈશ્વરભાઈ સમૈયાભા સુમણીયાની દુકાને આવીને અગાઉ કરવામાં આવેલી પોલીસ ફરિયાદ બાદ પોલીસ દ્વારા કરવામાં આવેલી ગુજસીટોક અંગેની કાર્યવાહીનો ખાર રાખીને ચાર શખ્સો દ્વારા હુમલો કરી, ફરિયાદી તથા સાહેદોને માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની, તેમજ રૂપિયા ૧૦,૦૦૦ ની રોકડ રકમની લૂંટ ચલાવ્યાની ધોરણસર ફરિયાદ દ્વારકા પોલીસ મથકમાં નોંધાવવામાં આવી હતી. જે સંદર્ભે જિલ્લા એસ.પી. નિતેશ પાંડેની સૂચના મુજબ ડીવાયએસપી સાગર રાઠોડના માર્ગદર્શન હેઠળ દ્વારકાના પી.આઈ. ડી.એચ. ભટ્ટ તેમજ તેમની ટીમ દ્વારા તાકીદની કાર્યવાહી કરી અને ઉપરોક્ત બનાવના આરોપી એવા મીઠાપુરના ગુજસીટોક પ્રકરણના અને હાલ જામીન પર છૂટેલા આરોપીઓ રાજેશ માલાભા સુમણીયા, લાલુભા સાજાભા સુમણીયા, રામસંગભા દાનુભા હાથલ અને ભાવેશભા વાલાભા માણેક નામના ચાર શખ્સોની અટકાયત કરી અને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી.

# બાંટવાની ૧.૧૫ કરોડની લુંટનો ભેદ ઉકેલાયો : ફરિયાદી જ આરોપી નીકળ્યો




## લુંટના બનાવને અંજામ આપવા કાવતરૂ ઘડયું : રૂા.૧,૯૦,૦૮,૬૧૦ના મુદામાલ સાથે ત્રણ આરોપીની ધરપકડ

જૂનાગઢ તા.૯

જૂનાગઢ જીલ્લાના બાંટવા નજીક પાજોદ રોડ પર અમદાવાદની એક પેઢીના બે સેલ્સમેન પર છરી વડે હુમલો કરીને ત્રણ અજાણ્યા શખ્સો સોનુ-ચાંદી અને રોકડ મળીને રૂા.૧.૧૫ કરોડની માલ-મતા લૂંટીને ફરાર થયાનો સનસનીખેજ બનાવ બનવા પામ્યો હતો. આ લુંટના ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસ દ્વારા એડીચોટીનો જોર લગાવી સઘન તપાસ કરવામાં આવી હતી. જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ પોલીસની વિવિધ ટીમો દ્વારા ઉંડાણપૂર્વકની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ દરમ્યાન પોલીસે ભારે જહેમત બાદ આ લુંટના બનાવનો ભેદ ઉકેલી નાખ્યો છે અને આ લુંટ પ્રકરણમાં ફરિયાદી જ આરોપી હોવાનું ફલીત થતાં પોલીસે આ કામના આરોપી (૧) યાજ્ઞીકભાઈ ધર્મેન્દ્રભાઈ જોષી (નહેરૂ) ઉ.વ.૩૩ રહે.સી. ૫૦૧, દેવદર્શન, યોગેશ્વર કુટીર બંગ્લોઝ, ન્યુ રાણીપ, અમદાવાદ, (૨) મોહીત ધર્મેન્દ્રભાઈ જોષી, ઉ.વ.૩૦, રહે.બ્લોક નં.૨૯, ન્યુ વિદ્યાવિહાર સોસાયટી, જોગસ પાર્કની બાજુમાં, રાણીપ, અમદાવાદ અને (૩) ધનરાજભાઈ મુરારશા ભાડંગે ઉ.વ.૫૧, ધંધો-સેલ્સમેન, રહે.૫૦૨, બી શ્રીજી સ્કાય એપાર્ટમેન્ટ, લાંભા નરોલ રોડ, અમદાવાદની ધરપકડ કરી છે અને ફરિયાદીના ભાઈ પાસેથી લુંટ પ્રકરણમાં ગયેલ સોનાના દાગીના તથા રોકડ સહિતના કુલ રૂા.૧,૯૦,૦૮,૬૧૦ નો મુદામાલ અમદાવાદ ખાતેથી રીકવર કર્યો છે. દરમ્યાન આજરોજ એક પત્રકાર પરીષદ યોજી અને તપાસનીશ અધિકારીઓએ લુંટના બનાવ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. જે અંગેની વિગતો અનુસાર લુંટના બનાવ બાદ નાકાબંધી કરવામાં આવી હતી અને જે દરમ્યાન એકઝીટ પોઈન્ટસ પાસે નાકાબંધી કરવામાં આવેલ તેમજ સઘન ચેકીંગ ગોઠવવામાં આવેલ. તેમજ લૂંટની ગંભીરતા ધ્યાને લઈ અલગ-અલગ ટીમો બનાવી લૂંટમાં સંડોવાયેલા આરોપીઓને તથા લુંટમાં ગયેલ મુદામાલ રીકવર કરવા સુચના કરવામાં આવેલ. જે અન્વયે જૂનાગઢ ડીવીઝનના હિતેષ ધાંધલ્યા તથા કેશોદ ડીવીઝનના ના.પો.અધિ.શ્રી બી.સી. ઠક્કર તથા માંગરોળ ડીવીઝનના ના.પો.અધિ.શ્રી ડી.વી. કોડીયાતર તથા પ્રો.ના.પો.અધિ.શ્રી નીકીતા સીરોયા તથા ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢના પો.ઈન્સ. શ્રી જે.જે. પટેલ તથા પો.વા.સ.ઈ.શ્રી ડી.એમ. જલુ તથા ક્રાઈમ બ્રાન્ચના પો.સ્ટાફના માણસો તથા એસ.ઓ.જી. શાખાના પો.ઈન્સ શ્રી પી.કે. ચાવડા તથા એસ.ઓ.જી. પો.સ્ટાફ તથા બાંટવા પો.સ્ટે.ના પો.સ.ઈ.શ્રી આર.એમ. વાળા તથા બાંટવા પો.સ્ટાફ તથા જીલ્લાના પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્કવોર્ડના પો.સ્ટાફ એ રીતેના અલગ-અલગ પો.સ્ટાફના માણસો સાથે રાખી અલગ-અલગ ટીમો બનાવી જેમાં ફિલ્ડ વર્ક ટીમ, ટેકનીકલ ટીમ એ રીતે અલગ-અલગ ટીમો બનાવી ઉપરોકત લુંટના બનેલ અનડીટેકટ ગુન્હાને ડીટેકટ કરવા અને લુંટમાં ગયેલ મુદામાલ રીકવર કરવા માટે ખાનગી બાતમીદારો મારફતે પ્રયત્નો હાથ ધરેલ હોય અને ખાનગી બાતમીદારો દ્વારા આ બનાવ સંબંધી હકીકત મેળવવા પ્રયાસો હાથ ધરવામાં આવેલ. તેમજ જીલ્લામાં અગાઉ બનેલ બનાવમાં સંડોવાયેલ ઈસમો આશરે ૫૦ થી વધારે ઈસમોની સજેશન યાદી તૈયાર કરી આ તમામ ઈસમોની ગતિવીધી ચેક કરવામાં આવી. આ તમામ ટીમો સતત પ્રયત્નશીલ રહી લુંટમાં સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા તથા હકીકત મેળવવા સતત પ્રયત્નશીલ હતા. આ દરમ્યાન આજુ-બાજુના ગામમાં રહેતા પરપ્રાંતીયોને ફરીયાદીએ જણાવેલ હકીકત મુજબ તપાસ કરતા કુલ-૨૦૦ જેટલા ચેક કરવામાં આવેલ. તપાસ દરમ્યાન પો.ઈન્સ શ્રી જે.જે. પટેલ તથા પો.હેડ કોન્સ. આઝાદસિંહ સીસોદીયા, ઈન્દ્રજીતસિંહ ઝાલા તથા પેરોલ ફર્લો સ્કવોડના પો.કોન્સ. દિપ્કભાઈ બડવા, દિવ્યેશકુમાર ડાભી તથા પો.સ્ટાફને સંયુકતમાં ટેકનીકલ સર્વેલન્સ આધારે હકીકત જાણવા મળેલ કે, બનાવ બનેલ તે દિવસે જૂનાગઢ જીલ્લામાં ફરિયાદીના સંપર્કમાં રહેલ અજાણ્યા વ્યક્તિની મુવમેન્ટ જાણવા મળેલ. જેથી આ અજાણ્યા વ્યક્તિની ખાનગી રાહે તથા ટેકનીકલ સોર્સ આધારે તપાસ કરતા આ અજાણી વ્યક્તિ મોહિત જોષી નામની વ્યક્તિ હોય અને અમદાવાદ ખાતે રહેતો હોય જેથી તાત્કાલીક સાહિલભાઈ સમા એ રીતેની ટીમ અમદાવાદ ખાતે રવાના થઈ શકદાર વ્યક્તિ મોહિત જોષીને હસ્તગત કરી મોહિત જોષીની પુછપરછ કરતા પ્રથમ ગલ્લા-તલ્લા કરતો હોય અને સાચી હકીકત જણાવતો ન હોય જેથી આગવી ઢબે અને કડકાઈથી પુછપરછ કરતા ભાંગી પડેલ અને સાચી હકીકત જણાવેલ કે, ફરીયાદી યાજ્ઞિક જોષી કે જે પોતાનો સગો ભાઈ હોય અને બન્ને ભાઈઓ સોના-ચાંદીના દાગીના વેપાર સાથે સંકળાયેલ હોય તેમજ અવાર-નવાર યાજ્ઞિક જોષી તથા ધનરાજ કલા ગોલ્ડ કંપનીના સોના-ચાંદીના દાગીના વેચવા માટે ગુજરાતના અલગ-અલગ જીલ્લાઓમાં જતા હતા. જેથી આ ત્રણેય ઈસમોએ પોતાની આર્થિક જરૂરીયાત સંતોષવા કલા જવેલર્સના સોનાના દાગીના તેમજ રોકડ રૂપીયા ઓળવી જવા કાવતરૂ ઘડેલ. જે કાવતરાના ભાગરૂપે યાજ્ઞિક જોષી ર ા શ ા ા મોહિત જોષી અગાઉ દોઢેક મહિના પહેલા બનાવને અંજામ આપવા માટે મુદામાલની આપ-લે કરવા માટે માણાવદર નજીક જગ્યા નક્કી કરેલ તે પ્રમાણે બનાવ બન્યાના દિવસે અગાઉ નક્કી થયા મુજબ મોહિત જોષી પોતાનો રેગ્યુલર ફોન બંધ કરી બીજો ફોન સાથે પોતાની આઈ-ટેન નીયોઝ લઈને નક્કી થયેલ જગ્યાએ આવીને ઉભો રહેલ અને સોનાના દાગીના તથા રોકડ રૂપિયા યાજ્ઞિક જોષીએ બેગમાંથી દાગીના બોકસમાંથી કાઢી પોટલુ બનાવી સેલો ટેપ વડે પેક કરી મોહિત જોષીને આપી દીધેલ અને પોતાની પાસે સોના-ચાંદીના દાગીનાના ખાલી બોકસ તથા બેગ રાખી દીધેલ. અને આ બનાવને અંજામ આપવા મોહિત જોષીએ બોટાદ, બગસરા, કેશોદ, માણાવદર આવવા-જવા અંતરીયાળ રૂટ પસંદ કરેલ. અને આ બાદ ફરીયાદી યાજ્ઞિક જોષી તથા ધનરાજ ભાડંગેએ બનાવ સાચો લાગે તે પ્રસ્થાપીત કરવા કુતીયાણા ખાતે ભાવેશ જવેલર્સ નામની દુકાને જઈ પોતાની પાસે રહેલ ખાલી બેગ ભાવેશ જવેલર્સના કેમેરામાં આવે તે રીતે ફકત દુકાન પાસે લાવી પરત ગાડીમાં મુકી દીધેલ. ત્યારબાદ કુતીયાણાથી પરત થતા હતા તે દરમ્યાન થોડા-થોડા અંતરે દાગીનાના ખાલી બોકસ તથા કટર પણ ચાલુ ગાડીએ ફેંકી દીધેલ તેમજ ખાલી બેગ થોડા આગળ આવતા નાળુ આવતા વહેતા નાળામાં બેગમાં પત્થર ભરી ફેંકી દીધેલ. બાટ બાંટવા નજીક બનાવ વાળી જગ્યાએ ઉભા રહી બાંટવા-પાજોદ રોડ પર ગાડી ઉભી રાખી પોતાની રીતે ગાડીના ટાયરમાંથી હવા કાઢી તેમજ સાહેદ ધનરાજ ભાડંગેના પીઠના પાછળના ભાગે કટર વડે ઈજા પહોંચાડી અને ધનરાજએ યાજ્ઞિક જોષીનો શર્ટ ફાડી નાંખેલ. આ ખાલી બેગ તથા મોબાઈલ ફોન તોડી નાંખી ખેતરોના રસ્તે ફેંકી દીધેલ. ત્યારબાદ ખોટી રીતે બુમા બુમ કરી પોતાને ત્રણ અજાણ્યા ઈસમો દ્વારા લુંટી લેવામાં આવેલ છે તેવું દર્શાવેલ. બાદ રાહદારીઓ દ્વારા પોલીસનો સંપર્ક કરાવડાવી અને પોલીસ સ્થળ પર પહોંચતા પોલીસને સંપૂર્ણ ખોટી હકીકત જણાવી પોલીસને ખોટા માર્ગે દોરી ખોટી ફરિયાદ દાખલ કરાવેલ. તપાસ દરમ્યાન ક્રાઈમ બ્રાન્ચ જૂનાગઢની ટેકનીકલ ટીમ દ્વારા બનાવ બન્યાના દિવસે સવારે ધનરાજ ભાડંગે દ્વારા એક સ્ટેશનરીની દુકાનેથી ગુન્હામાં ઉપયોગ કરેલ કટર ખરીદ કરેલ. જે હકીકત પણ શોધી કાઢવામાં આવેલ.

આમ, આરોપીઓ દ્વારા સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ઓળવી જવા રચેલ કાવતરાનો ઈન્ટેલીજન્સ આધારે પર્દાફાશ કરી ગુન્હામાં ગયેલ તમામ મુદામાલ રીકવર કરી તમામ આરોપીઓને અટક કરી લુંટનો અતિ ચકચારી અનડીટેકટ બનાવને ડીટેકટ કરવામાં આવેલ. તમામ આરોપીઓને અટક કરી રીમાન્ડ મેળવવાની તજવીજ કરવામાં આવનાર છે.

**ચોમાસું અંતિમ ચરણમાં પ્રવેશ્યું છે ત્યારે**

# જૂનાગઢનાં 'રસ્તાઓ'ની હાલત સુધારવા એકશન પ્લાન કયારે ?

## તહેવારો નજીક આવી રહયા છે ત્યારે 'ખાડાગઢ' તરીકે ઓળખાતા જૂનાગઢનાં રસ્તા સુધાર અભિયાન કયારે હાથ ધરાશે

જૂનાગઢ તા.૯

હેરીટેજ શહેર તરીકે ઓળખાતા જૂનાગઢ શહેરનાં રસ્તાઓ ઉપરથી પસાર થતી વખતે આપણીને ભૂતકાળમાં 'ગાડા રસ્તા'ની યાદી તાજી થાય છે. કહેવાતો મતલબ એટલો જ છે કે જૂનાગઢ શહેર ઐતિહાસિક, સામાજીક, સાંસ્કૃતિક અને ધાર્મિક નગરી તરીકે ઓળખાય છે પરંતુ લોઢાની થાળીમાં મેખ લાગી ગયો હોય તેમ જૂનાગઢનાં રસ્તાઓએ લોકોને કવરાવી દીધા છે. કંઈકને આ ખરાબ રસ્તાને કારણે શારિરીક ઈજાઓ પહોંચી છે. અકસ્માતો સર્જાયા છે અને નિર્દોષ વ્યકિતઓનાં જાન પણ ગયા હોવાનાં બનાવો બન્યા છે.

શહેરમાં એકપણ માર્ગ એવા નથી કે તેને આરામદાયકનું સર્ટીફીકેટ આપી શકાય. તેમાં ભર ચોમાસામાં જૂનાગઢ વાસીઓની હાલત અત્યંત દયાજનક બની ગઈ છે. અને જાણે આ શહેરનાં લોકો ભગવાન ભરોસે ટકી રહયા છે !! ચોમાસાનાં દિવસો ગણ્યા ગાંઠીયા રહયા છે ત્યારે ચોમાસાની વિદાય હવે નજીક છે અને તહેવારો પણ નજીક આવી રહયા છે ત્યારે તહેવારોનાં આ દિવસોમાં લોકોને રસ્તા સારા મળે અને રસ્તા ઉપર આરામદાયક રીતે પસાર થઈ શકે તે માટે નકકર આયોજનપુર્વક કામગીરી હાથ ધરવી જોઈએ.

જૂનાગઢવાસીઓને જાણે સારા રસ્તાનું કયારે સુખ મળ્યું હતું તે પણ યાદ નથી ! છેલ્લા કેટલાક વર્ષો થયા જૂનાગઢનાં રસ્તાઓની હાલત ખરાબ નહી પરંતુ ખુબ જ ખરાબ છે. તત્કાલીન કમિશ્નર શ્રી આર.કે.પાઠકનાં સમયગાળામાં જૂનાગઢમાં ઘણા સારા કાર્યો થયા હતા અને રસ્તાઓનાં ડીવાઈડર વગેરે પણ મુકાયા હતા આજે પણ લોકો પાઠક સાહેબને યાદ કરે છે. જૂનાગઢ મનપાનાં વર્તમાન શાસકોની મુદત પુર્ણ થતા હાલ જૂનાગઢ મનપાનાં કમિશ્નર તરીકે ડો.ઓમ પ્રકાશ ચાર્જમાં છે. કમિશ્નર તરીકે તેમની પાસે લોકોની ઘણી અપેક્ષાઓ છે. ખાસ કરીને લોકોને પ્રાથમીક સુવિધા યોગ્ય રીતે અને સારી રીતે મળવી જોઈએ તેવી લાગણી પ્રવર્તે છે. ચોમાસાનાં સમયમાં જૂનાગઢ શહેરના તમામ વોર્ડનાં રસ્તાઓ, ગલીઓ વગેરેની હાલત ખુબ જ ખરાબ અને 'ખાડા'નું ચિતરામણ થઈ ગયું છે. ખરાબ રસ્તાઓ ઉપરથી પગપાળા કે વાહન ઉપર ખુબ જ સાચવીને જવું પડે તેવી હાલત છે. તહેવારો નજીક આવી રહયા છે. નવરાત્રી અને દિવાળીનાં તહેવારને હવે જાજીવાર નથી ત્યારે આ વર્ષે રસ્તાઓને સુધારવામાં આવશે કે કેમ ? તેવો સવાલ આજે ચર્ચાનો વિષય બનેલ છે. જો કે કેટલાક વર્ષો થયા નવરાત્રી અને દિવાળીનાં તહેવારો ઉપર તો રસ્તાની હાલત ખરાબ જ રહી છે. ચોમાસા બાદ જૂનાગઢ શહેરમાં તમામ વોર્ડનાં રસ્તાઓનો સર્વે કરી અને દિવાળી પહેલા જ રસ્તાઓની કાયાપલ્ટ માટે કામગીરી હાથ ધરવા એકશન પ્લાન ઘડી કાઢવા લાગણી પ્રવર્તી રહી છે. મનપાનાં કમિશ્નરશ્રી દ્વારા આ અંગે ઘટતી કાર્યવાહીની માંગ ઉઠી છે.

### જૂનાગઢ મનપાના કમિશ્નર દ્વારા તત્કાલ પત્રકાર પરીષદ બોલાવી અને રસ્તા અંગેની માહિતી આપવા માંગ

જૂનાગઢ તા.૯

આડે દિવસેય જૂનાગઢ શહેરના રસ્તા અત્યંત ખરાબ છે અને વર્ષોથી રસ્તાની આ પારાયણ વારંવાર થતી હોય છે અને લોકોની અનેક ફરિયાદો હોવા છતાં પણ આજદિવસ સુધી રસ્તાના સુખથી જૂનાગઢના લોકો વંચિત જ રહ્યા છે. ચોમાસાના દિવસો દરમ્યાન તો શહેરના એકપણ માર્ગ એવા નથી કે, જ્યાં રસ્તા સારા કહી શકાય. ટૂંકમાં જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાઓ કેવા એના કરતા તો ખાડાનો ગઢ કેવો વધારે સુગમતા રહેશે. હાલ મનપામાં વહીવટદાર તરીકે કમિશ્નર ડો.ઓમપ્રકાશ ફરજ બજાવી રહ્યા છે ત્યારે લોકોની તેમની પાસે ઘણી અપેક્ષાઓ રહી છે. ખાસ કરીને રસ્તાઓ બાબત વહેલીતકે કોઈ કામગીરી થાય તેવી લાગણી છે. દરમ્યાન સરકારશ્રી દ્વારા શહેરી વિકાસ અંતર્ગત જૂનાગઢ શહેરને રળીયામણું બનાવવા માટેની ભરપૂર ગ્રાન્ટ આપવામાં આવે છે પરંતુ આ ગ્રાન્ટ કયાં વપરાય છે ? કેટલી વપરાય છે ? શહેરના કયા રસ્તાનું કામ હાથ ધરવામાં આવનાર છે તેમજ આ ગ્રાન્ટ કયાં વપરાણી ? તે અંગે લોકોને કોઈ માહિતી નથી ત્યારે લોકોને આ માહિતી સતાવાર રીતે મળી શકે તેવી માંગ કરી રહ્યા છે. બીજી તરફ ગઈકાલે માંગનાથ વિસ્તારમાં પણ મુખ્ય બજારનું ખોદકામ તહેવારોના ટાકણે જ કરી નાખવામાં આવેલ છે. જેને લઈને પણ લોકોને હાલાકી ભોગવવી પડી રહી છે. દરમ્યાન શહેરમાં રસ્તા અંગેનું કામ કયાંથી કયાં શરૂ કરવાનું છે ? તેમજ તે કામ કેટલાના ખર્ચે શરૂ થશે અને કેટલા સમયમાં પુરૂ થવાનું છે અને તહેવારોના ટાકણે કેવી રીતની કામગીરી કરવામાં આવનાર છે તે આમ જનતાને જાણ થાય તે માટે મનપાના કમિશ્નર દ્વારા તત્કાલ પત્રકાર પરીષદ બોલાવી અને આ સંપૂર્ણ માહિતી પ્રજાજોગ આપવામાં આવે તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

**તહેવારોના ટાકણે જ મનપા દ્વારા**

# જૂનાગઢની મુખ્ય માંગનાથ બજારમાં રાતોરાત રોડ ખોદી નાખવામાં આવતા લોકોને ભારે હાલાકી

જૂનાગઢ તા.૯

જૂનાગઢ શહેરની મુખ્ય બજાર ગણાતા માંગનાથ બજાર કે જેમાં હજારો દુકાનો, કોમર્શીયલ અને રેસીડેન્સીયલ એપાર્ટમેન્ટ, સ્કુલ, બેંક સહિતના એકમો આવેલા છે અને દરરોજ દિવસ દરમ્યાન હજારો લોકોની અવર-જવર વાળી આ બજારમાં ગત મોડી રાત્રે મહાનગરપાલિકા દ્વારા રાતોરાત રોડ ખોદી નાખવામાં આવતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. વહેલી તકે આ કામગીરી પૂર્ણ કરવામાં આવે તો જ આગામી તહેવારોના દિવસોમાં આ બજારની રોનક પાછી ફરે તેમ છે ત્યારે મનપા તંત્ર દ્વારા તત્કાલ ઘટતી કાર્યવાહી કરવાની માંગણી પણ ઉઠી છે.

આ અંગેની પ્રાપ્ત થતી વિગત અનુસાર જૂનાગઢ શહેરનો હાર્દ સમો વિસ્તાર એટલે કે, બજાર માંગનાથ રોડ ગણાય છે. ત્યારે કાળવા ચોકથી સરસ્વતી સ્કુલ સુધીનો માર્ગ રાતોરાત તોડી પાડવામાં આવ્યો છે અને એ રીતે રોડ ખોદવામાં આવ્યો છે, ફોરવ્હીલની વાત જ દુર રહી પરંતુ સાયકલ પણ પસાર ન થઈ શકે તેવી સ્થિતિ છે. તેમજ હજારો રેડીમેડ કપડા, હોજીયરી, નોવેલ્ટી, બુટ-ચપલ, કટલેરી, ઘરસંસારને લગતી ગણાય નહીં તેટલી દુકાનો આવેલી છે. સાથે જ આ માર્ગ પર એક કોમર્શિયલ બેંક તેમજ એક સ્કુલ પણ ચાલુ છે. તેમાં અભ્યાસ કરતા નાના ભુલકાઓ-વિદ્યાર્થીઓ-સ્કુલ વાહન પણ અંદર ન આવી શકે તેવી સ્થિતિ સર્જાઈ છે. આગામી નવરાત્રી, દશેરા અને દિવાળીના તહેવારો નજીક આવી રહ્યા છે બરોબર તેવા જ સમયમાં માંગનાથની આ બજારના રસ્તાનું ખોદકામ લોકોને અતિ હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. દરમ્યાન મનપા તંત્રમાંથી જાણવા મળતી હકીકત અનુસાર કાળવાચોકથી સરસ્વતી સ્કુલ સુધીનો માર્ગ ૧.૫ થી ૨ ફુટ ખોદવામાં આવશે અને ત્યાં લેવલીંગ કરીને સારો એવો સી.સી. રોડ નવેસરથી બનાવવામાં આવશે. પરંતુ તે કયારે પુરૂ થશે તે સવાલ છે. બીજી તરફ આગામી તહેવારો નજીક આવી રહ્યા છે ત્યારે જો સમયસર આ માંગનાથની બજારના રસ્તાનું નવેસરથી લેવલીંગ થઈને કામ પૂર્ણ ન થાય તો લોકો-વેપારીઓ તેમજ અહીંથી પસાર થતાં સૌને માટે જટીલ સમસ્યા ઉભી થવાની છે ત્યારે સમયસર આ કામ પૂર્ણ થાય તેવી લાગણી અને માંગણી ઉઠવા પામી છે.

# જામકા ગામ નજીક ઓટો રીક્ષા પુલ પરથી નીચે ખાબકતા બેના મોત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૯

મેંદરડા-વિસાવદર રોડ પર જામકા ગામની સીમમાં પાણખાણ નદીના પુલ પરથી ઓટો રીક્ષા નીચે ખાબકતા બેના મોત થયાનું જૂનાગઢ તાલુકા પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર જૂનાગઢ શહેરના મધુરમ વિસ્તારમાં રહેતા ચુનીલાલ કાનજીભાઈ ચોટલીયા(ઉ.વ.૫૪) અને સુખનાથ ચોક વિસ્તારમાં રહેતા ફેજલભાઈ હુસેનભાઈ મુસાણી(ઉ.વ.૨૫)વાળાઓ ઓટો રીક્ષા નં.જીજે-૦૬-એડબલ્યુ-૪૦૩૬ સાથે પાણખાણ નદીના પુલ પરથી નીચે ખાંબકતા બંનેના મૃત્યુ નીપજયાનું નાનજીભાઈ લખમણભાઈ ટાંકે જૂનાગઢ તાલુકા પોલીસ મથકે જાહેર કરતા પોલીસે કાર્યવાહી ધોરણસરની કાર્યવાહી કરી છે.


• હરકયુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ

તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ

ગેલેકસી
ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત)
મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૯૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....
એક શુભેચ્છક

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.